

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતું સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-9, July-2025**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૨૪

**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

**Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com**

Title Calligraphy: http://www.google.com

## લેખાનુક્રમ

- **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

- **તંત્રી લેખ**

અઝાદારી વિષેની ચાલીસ હદીસો............ 7

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ................................11

ગુરરુલ હિકમ .................................13

નહ્જુલ અસરાર ...............................15

- **તરીકત**

મશાયખવાણી..................................19

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 23

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 27

અલ ઈર્શાદ................................... 33

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ .....................................37

તઝ્કીબુલ ઈસ્લામ ...........................41

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 45

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત........................................51

- **અન્ય**

વ્યક્તિ વિશેષ – કૂફાથી આવનારી હસ્તીઓ: 55

આપણા ઘરની વાતો ........................ 57

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 58

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

ہدہد ایک اہم خبر کے ساتھ

હવે હુદહુદ આવ્યો હશે, મોડો આવ્યો હશે, શું ખબર લાવ્યો?

ہدہد کی غیر حاضری کو زیادہ عرصہ نہیں گزرا تھا کہ ہدہد واپس آ گیا۔

આ હુદહુદ પક્ષી ગુજરાતીમાં શું કહેવાય મને ખ્યાલ નથી, પરંતુ ભારતમાં એ હોય છે, અને જે પક્ષીવિદ હોય છે તે એનું ગુજરાતી, લોકલ નામ પણ જાણતા હોય છે. તમને ક્યારેક ખેતરોમાં પણ દેખાય છે. ક્યારેક તમે કોઈથી જાણકારી લો તો તમને ખબર પડે. અને જેમ બીબી બિલ્કીસની ફરિયાદ તેણે હઝરત સુલયમાન (અ.) સુધી પહોંચાડી દીધી હતી, તમે પણ ડરતા રહો કે તમારી ફરિયાદ મૌલા અલી (અ.) સુધી ન પહોંચાડી દે.

ہدہد کی غیر حاضری کو زیادہ عرصہ نہیں گزرا تھا کہ ہدہد واپس آ گیا اور سلیمانؑ کی طرف رخ کر کے کہنے لگا:

હુદહુદ કહે છે હઝરત સુલયમાન (અ.)ને:

"مجھے ایک ایسی چیز معلوم ہوئی ہے جس سے آپ آگاہ نہیں ہیں، میں آپ کے لئے سرزمینِ سبا سے ایک یقینی (اور بالکل تازہ) خبر لایا ہوں۔"

(સૂરા નમ્લ, આયત–૨૨)

સબા નામની ધરતી ઉપરથી હું આપના માટે બિલકુલ તાજી અને બિલકુલ યકીની — જેને ચોક્કસ કહેવાય એવી — ખબર લઈને આવ્યો છું.

گویا ہدہد نے حضرت سلیمانؑ کے چہرے پر غصے کے آثار دیکھ لئے تھے،

એટલે હુદહુદ જાણી ગયો હતો કે હઝરત સુલયમાન (અ.) ગુસ્સામાં છે.

لہذا ان کی ناراضی دور کرنے کے لئے سب سے پہلے اس نے ایک ایسے اہم مطلب کی مختصر الفاظ میں خبر دی جس سے حضرت سلیمانؑ، اس قدر علم و دانش رکھنے کے باوجود، بے خبر تھے۔ جب ان کا غصہ ٹھنڈا ہوا تو اس نے اس ماجرے کی تفصیل بیان کی۔

તો હઝરત સુલયમાન (અ.)ને લાગ્યું કે આની

પાસે કોઈ એવી ખબર છે કે જેનાથી તેઓ અજાણ છે. એટલે જાણવા માટે તેમનો ગુસ્સો ઠંડો થઈ ગયો.

بہر حال ہدہد نے ماجرے کی تفصیل بیان کرتے ہوئے کہا:

હુદહુદે આગળ કહ્યું:

”میں سرزمین سبا میں چلا گیا تھا۔ میں نے دیکھا کہ ایک عورت وہاں کے لوگوں پر حکومت کر رہی ہے۔“

ત્યાં એક રાણી છે.

اس کے قبضے میں سب کچھ ہے، خاص طور پر اس کا ایک بہت بڑا تخت بھی ہے۔

મોટા તખ્ત પર તે બિરાજમાન છે, અને ત્યાં રાજ્ય કરી રહી છે.

ہدہد نے ان تین جملوں میں ملک سبا کی تقریباً تمام خصوصیات بتا دیں اور وہاں کے طرزِ حکومت سے بھی سلیمانؑ کو باخبر کر دیا۔

پہلی خصوصیت تو یہ ہے کہ وہ ایک ایسا آباد اور شاد ملک ہے جس میں ہر طرح کی نعمتیں اور سہولیات مہیا ہیں۔

એક સમૃદ્ધ દેશ છે.

دوسری یہ کہ ان لوگوں پر ایک عورت حکومت کر رہی ہے، جس کا ایک نہایت ہی آراستہ دربار ہے، حتّیٰ کہ سلیمانؑ کے دربار سے بھی زیادہ آراستہ،

ત્યાં એક સ્ત્રી રાજ્ય કરી રહી છે, અને તેનો દરબાર એટલો ભરેલો છે કે જેટલો સુલયમાન (અ.) નો દરબાર પણ ભરેલો રહેતો ન હતો.

کیونکہ ہدہد نے حضرت سلیمانؑ کا تخت دیکھا ہوا تھا، اس کے باوصف ہونے کے باوجود اس نے ملکۂ سبا کے تخت کو ’عرشِ عظیم‘ کے عنوان سے یاد کیا۔

હુદહુદે વર્ણન કર્યું કે હઝરત બિલ્કીસનું તખ્ત તો એવું છે કે જાણે ‘અર્શે અઝીમ’ હોય; એટલું મોટું તખ્ત છે.

ان الفاظ کے ساتھ اس نے سلیمانؑ کو یہ بات جتلا دی کہ کہیں ایسا نہ ہو کہ آپ یہ تصور کر لیں کہ تمام جہان آپ کے قلم رو حکومت میں ہے اور صرف آپ کا تخت باعظمت ہے۔

એક રાજાને એ વાત પણ જણાવી દીધી જાસૂસી કરીને, કે આપની પાડોશમાં જ અથવા નજીકમાં જ એક બીજું રાજ્ય પણ છે, જે આપની સરખામણીમાં બરાબર જ કહેવાય અથવા વધારે ચડિયાતું કહેવાય.

سلیمانؑ ہدہد کی یہ بات سن کر ایک گہری سوچ میں پڑ گئے، لیکن ہدہد نے انہیں مزید سوچنے کی مہلت نہ دی اور فوراً ہی ایک اور بات پیش کر دی۔

એટલે વિચારમાં પડી ગયા. તો હુદહુદ આગળ કહેવા લાગ્યો.

اس نے کہا: ”جو عجیب و غریب اور تکلیف دہ چیز میں نے وہاں دیکھی ہے وہ یہ کہ میں نے دیکھا کہ وہ عورت اور اس کی قوم خدا کو چھوڑ کر سورج کے سامنے سجدہ کرتے ہیں۔“

روحانی حیثیت بھی واضح کر دی کہ وہ بت پرستی میں خوب مگن ہیں، حکومت آفتاب پرستی کو ترویج کرتی ہے، اور لوگ اپنے بادشاہ کے دین پر ہیں۔

એટલે જે રાણી છે ત્યાંની, તે જ લોકોને પ્રોત્સાહન આપે છે કે સૂર્યને સજ્દા કરો; અને ત્યાંના લોકો પછી ખુશી ખુશી સૂર્યને સજ્દા કરે છે.

ان کے بت کدوں اور دوسرے حالات سے واضح ہوتا ہے کہ وہ اس غلط راہ پر ڈٹے ہوئے ہیں، اور اس کے ساتھ جنون کی حد تک محبت کرتے ہیں، اور اپنی اس غلط روش پر فخر کرتے ہیں۔ ایسے حالات میں جب کہ حکومت اور عوام ایک ہی ڈگر پر چل رہے ہیں، ان کا ہدایت پانا بہت مشکل ہے۔

એટલે કે, રાજા હિદાયત પામેલો હોય અને પ્રજા ન હોય, તો રાજા કદાચ હિદાયત કરી શકે; પરંતુ બન્ને જ ગુમરાહ હોય, તો હિદાયત કોણ કરવાનું છે! (ક્રમશઃ)


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**


તેમનો સજ્દો અલ્લાહ માટે નથી હોતો, સૂર્ય માટે હોય છે.

"شیطان ان پر مسلّط ہو چکا ہے،

શયતાને તેમને ગુમરાહ કરી નાખ્યા છે.

اور اس نے ان کے اعمال کو ان کے لئے مزیّن کر رکھا ہے۔"

(સૂરા નમ્લ, આયત–૨૪)

અને તેઓ સૂર્યને સજ્દા કરી કરીને ખુશ થાય છે, કે અમે કેટલી મોટી ઈબાદત કરી રહ્યા છીએ. શયતાનના વરગલાવવાથી તેઓ આવા થઈ ગયા છે.

(اس طرح سے) "شیطان نے انہیں راہِ حق سے روک رکھا ہے۔"

(સૂરા નમ્લ, આયત–૨૪)

وہ بت پرستی میں اس قدر غرق ہو چکے ہیں کہ مجھے یقین نہیں کہ وہ آسانی سے اس راہ سے پلٹ جائیں۔

"وہ بالکل ہدایت نہیں پائیں گے۔"


(સૂરા નમ્લ, આયત–૨૪)

હુદહુદ કહે છે — કારણ કે હઝરત સુલયમાન (અ.) રાજા તો હતા, સાથેસાથે પયગમ્બર પણ હતા. હુદહુદ તેમને કહે છે — કે આપની સલ્તનતની પાસે જ — આપ પયગમ્બર છો તેમ છતાંય — ગુમરાહ લોકોનો દેશ છે.

ہدہد نے ان الفاظ کے ساتھ ان کی مذہبی اور

# ગડમથલ

**૩૮૭** **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) હુકમ, આજ્ઞા, આદેશ (૪)
(૪) એક મોટું પક્ષી, શાહમૃગ (૫)
(૭) કુરઆનના એક સૂરાનું નામ (૩)
(૮) સુખ, શાંતિ, આરામ, સરળતા (૩)
(૯) દૂધ, દુગ્ધ, દહીં (૩)
(૧૧) કરજ વસૂલ કરવું, માંગણી, તકાદો (૩)
(૧૩) અલ્લાહનું ઘર, બૈતુલ્લાહ (૨)
(૧૪) માર્ગ, રસ્તો, વ્યવસ્થા, પાણીની પરબ (૩)
(૧૫) બોરડી, બોરડીનું ઝાડ (૩)
(૧૭) સ્વયં, આપ, પોતે (૨)
(૧૮) શરીર, કાયા, દેહ (૩)
(૨૦) ઉંમરમાં નાનું, અલ્પવયસ્ક (૩)
(૨૨) તખ્તીમાં 'ફે' પછી આવે છે (૨)
(૨૪) દુઃખ, રંજ, શોક, સંતાપ (૨)
(૨૬) દોરી, દોરડી, દોરડું, બંધન (૩)
(૨૮) આગમન, આવક (૩)
(૨૯) દયા, કૃપા, કરુણા, મહેરબાની (૩)
(૩૦) શક્તિશાળી, જીવિત (૪)
(૩૧) ધરતીકંપ, ભૂકંપ (૪)
(૩૨) છાતી, વક્ષસ્થળ (૪)

## ઊભી ચાવીઓ

(૧) બદનામી, નિંદા, ચૂગલી (૪)
(૨) જન્મજાત, જન્મની સાથે આવેલું (૫)
(૩) ઊંટની કુરબાની, નદી, નહેર (૩)
(૫) માટી, ધૂળ, પૃથ્વી (૩)
(૬) રહેણીકરણી, રહેવાની રીતભાત (૬)
(૯) છલોછલ ભરેલું, ભરપૂર, પરિપૂર્ણ (૪)
(૧૦) લેપ, શરીર પર ચોપડવાનો પદાર્થ (૩)
(૧૨) સંદેશવાહક, સંદેશો લાવનાર (૩)
(૧૬) રસ્તા પર ચાલનાર વ્યક્તિ, પથિક (૪)
(૧૭) સ્વાર્થી, મતલબી માણસ (૫)
(૧૯) દરવાજો, દ્વાર, બારણું (૨)
(૨૧) અંશ, હિસ્સો, નસીબ (૩)
(૨૨) કાર્ય, કારોબાર, વેપાર (૨)
(૨૩) ફાતેમા (અ.)ને બખ્શિશ મળેલ બાગ (૩)
(૨૫) અરબીમાં 'ઘર' માટેનો શબ્દ (૩)
(૨૭) મીઠું, લવણ, ક્ષાર (૩)
(૨૮) દર્પણ, આયનો, અરીસો (૩)

# અઝાદારી વિષેની ચાલીસ હદીસો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

**(૨૭) હઝરત ઈમામ હુસૈન (અ.) ઉપર રુદન**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

يَا ابْنَ شَبِيبٍ! اِنْ كُنْتَ بَاكِيًا لِّشَیْءٍ فَابْكِ لِلْحُسَيْنِ بْنِ عَلِيِّ بْنِ اَبِیْ طَالِبٍ عَلَيْهِ السَّلَامُ فَاِنَّهُ ذُبِحَ كَمَا يُذْبَحُ الْكَبْشُ.

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ (રૈયાન ઈબ્ને શબીબને) ફરમાવ્યું કે, “અય ઈબ્ને શબીબ! જો તમારે કોઈના પર રડવાનું હોય, તો પછી હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.) પર ચોકકસપણે રડો; ઘેટાને જેવી રીતે ઝુબ્હ કરવામાં આવે છે, તેવી રીતે આપ (અ.)ને ઝુબ્હ કરવામાં આવ્યા હતા.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૯૪, સફહા–૨૮૬)

**(૨૮) ઈમામોની યાદમાં મેળાવડા**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

مَنْ جَلَسَ مَجْلِسًا يُّحْيٰى فِيْهِ اَمْرُنَا لَمْ يَمُتْ قَلْبُهُ يَوْمَ تَمُوْتُ الْقُلُوْبُ

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે કે, “એ વ્યકિત કે જે એક એવા મેળાવડામાં બેસે છે કે જેમાં અમારી બાબતો (અને અમારા માર્ગની અને હેતુઓ)ની ચર્ચા થાય છે, અને તેમને જીવંત કરવામાં આવે છે, તો તેનું દિલ (કયામતના) એ દિવસે મૃત્યુ નહીં પામે, જ્યારે કે (અન્ય) દિલો (ભયથી) મૃત્યુ પામશે.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪, સફહા–૧૭૮)

**(૨૯) હઝરત ઈમામ હુસૈન (અ.) ઉપર રડવાના ફાયદા**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

فَعَلٰى مِثْلِ الْحُسَيْنِ فَلْيَبْكِ الْبَاكُوْنَ فَاِنَّ الْبُكَآءَ عَلَيْهِ يَحُطُّ الذُّنُوْبَ الْعِظَامَ

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે કે, “જેઓ રડે છે તેમણે હુસૈન (અ.)ને ગમે તે રીતે રડવું જોઈએ, કેમ કે બેશક, તેમના ઉપર રડવાથી તેના કબીરા ગુનાહ દૂર થઈ જાય છે.”

(બિહારુલ અન્વાર, જિલ્દ–૯૪, સફહા–૧૮૪)

**(૩૦) ગુનાહોની માફી**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

يَا ابْنَ شَبِيبٍ! اِنْ بَكَيْتَ عَلَى الْحُسَيْنِ عَلَيْهِ السَّلَامُ حَتّٰى تَصِيْرَ دُمُوْعُكَ عَلٰى خَدَّيْكَ غَفَرَ اللهُ لَكَ كُلَّ ذَنْبٍ اَذْنَبْتَهُ صَغِيْرًا كَانَ اَوْ كَبِيْرًا قَلِيْلًا كَانَ اَوْ كَثِيْرًا

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ શબીબના ફરઝંદને ફરમાવ્યું કે, “અય ઈબ્ને શબીબ! તમારે

હુસૈન (અ.) માટે એટલા પ્રમાણમાં રડવું જોઈએ કે જેથી આંસુ તમારા ગાલ ઉપરથી નીચે વહે, જેથી અલ્લાહ તમારા દ્વારા આચરવામાં આવેલ બધા જ ગુનાહ માફ કરી દે, ભલે ને તે કબીરા ગુનાહ હોય કે સગીરા ગુનાહ અને ભલે ને તે ઓછા પ્રમાણમાં હોય કે વિપુલ પ્રમાણમાં."

(અમાલી (શેખ સદૂક), સફહા–૧૧૧)

**(૩૧) અહલેબૈત (અ.)થી નજદીકી**

قَالَ الرِّضَا عَلَيْهِ السَّلَامُ:

يَا ابْنَ شَبِيْبٍ! اِنْ سَرَّكَ اَنْ تَكُوْنَ مَعَنَا فِى الدَّرَجَاتِ الْعُلٰى مِنَ الْجِنَانِ فَاحْزَنْ لِحُزْنِنَا وَافْرَحْ لِفَرَحِنَا

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ (ઈબ્ને શબીબને) ફરમાવ્યું, "અય ઈબ્ને શબીબ! જો એ બાબત તમને ખુશ કરતી હોય (અને તમે ઈચ્છતા હો) કે તમે અમારી સાથે જન્નતના ઉચ્ચ દરજ્જા પર હો, તો અમારા દુ:ખમાં દુ:ખી અને અમારી ખુશીમાં ખુશ રહો."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૪, સફહા–૫૦૨)

**(૩૨) આશૂરાનો દિવસ**

عَنِ الرِّضَا عَلَيْهِ السَّلَامُ قَالَ:

مَنْ تَرَكَ السَّعْىَ فِىْ حَوَآئِجِهٖ يَوْمَ عَاشُوْرَآءَ قَضَى اللّٰهُ لَهٗ حَوَآئِجَ الدُّنْيَا وَالْاٰخِرَةِ

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું છે કે, "જે કોઈ આશૂરાના દિવસે પોતાની (દુન્યવી) હાજતો માગવાથી પોતાની જાતને રોકી રાખે, તો અલ્લાહ તેની આ દુનિયાની અને આખેરતની હાજતોને મંજૂર કરી દેશે."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૪, સફહા–૫૦૪)

**(૩૩) હઝરત ઈમામ હુસૈન (અ.)નો ઝાઈર**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

وَاِنَّ زَآئِرَهٗ لَيَنْقَلِبُ وَمَا عَلَيْهِ مِنْ ذَنْبٍ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "હઝરત ઈમામ હુસૈન (અ.)નો ઝાઈર (પોતાની ઝિયારતથી) એવી રીતે પાછો ફરે છે કે તેના ઉપર એક પણ ગુનાહ બાકી રહેતો નથી."

(વસાઈલુશ્શીઆ, જિલ્દ–૧૪, સફહા–૪૧૨)

**(૩૪) હઝરત ઈમામ હુસૈન (અ.)નું પોતાના ઝવ્વારના ગુનાહોની માફી માગવું**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

وَاِنَّهٗ لَيَرٰى مَنْ يَّبْكِيْهِ فَيَسْتَغْفِرُ لَهٗ وَيَسْأَلُ اٰبَآءَهٗ عَلَيْهِمُ السَّلَامُ اَنْ يَّسْتَغْفِرُوْا لَهٗ

(જે કોઈ હઝરત ઈમામ હુસૈન (અ.)ના રોઝાની ઝિયારત માટે જાય છે, તેની બાબતમાં) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "એ કે જે હઝરત ઈમામ હુસૈન (અ.) માટે રડે છે, બેશક, ઈમામ હુસૈન (અ.) તેને જુએ છે, (અને) તેની માફી માટે દુઆ માગે છે અને પોતાના બાપદાદાઓને (પણ) તેના માટે માફી માગવાની વિનંતી કરે છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૧૮૧)

**(૩૫) કયામતના દિવસે દરમિયાનગીરી**

(મુસ્તદરકુલ વસાઈલ, જિલ્દ–૬, સફહા–૨૭૯)

**(૩૭) ન તો ફરિશ્તાઓ કે ન તો નબીઓ**

عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ اِلَى اَنْ قَالَ:

**نَحْنُ لَا مَلَآئِكَةٌ وَّلَآ اَنْبِيَآءُ بَلْ نَفَرٌ مِّنْ فُقَرَآءِ اُمَّةِ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ فَيَقُوْلُوْنَ بِمَا نِلْتُمْ هٰذِهِ الْكَرَامَةَ فَيَقُوْلُوْنَ لَمْ تَكُنْ اَعْمَالُنَا شَدِيْدَةً وَّلَمْ نَصُمِ الدَّهْرَ وَلَمْ نَقُمِ اللَّيْلَ وَلٰكِنْ اَقَمْنَا عَلَى الصَّلَوَاتِ الْخَمْسِ وَاِذَا سَمِعْنَا ذِكْرَ مُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ فَاضَتْ دُمُوْعُنَا عَلٰى خُدُوْدِنَا**

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "(કયામતના દિવસે એક ટોળું સૌથી ઉત્તમ અને સન્માનનીય પરિસ્થિતિમાં જોવામાં આવશે. તેમને પૂછવામાં આવશે, "શું તેઓ ફરિશ્તાઓ છે કે નબીઓ?" તેના જવાબમાં તેઓ કહેશે,) "અમે ન તો ફરિશ્તાઓ છીએ કે ન નબીઓ છીએ, પરંતુ ઉમ્મતે મોહંમદીમાંથી સામાન્ય લોકો છીએ." ત્યાર પછી તેમને પૂછવામાં આવશે, "તો પછી તમને આવો ઉચ્ચ અને માનાર્હ દરજ્જો કેવી રીતે મળ્યો?" તેઓ જવાબ આપશે, "અમે કંઈ વધારે સારાં કાર્યો બજાવ્યાં નથી કે ન તો બધા દિવસો રોઝામાં પસાર કર્યા છે કે ન બધી રાત્રીઓ ઈબાદતની હાલતમાં પસાર કરી છે, પરંતુ હા, અમે અમારી (દૈનિક) નમાઝો (નિયમિત રીતે) અદા કરતા હતા, અને જ્યારે જ્યારે અમે મોહંમદ (સ.)નો ઉલ્લેખ સાંભળતા હતા, તો આંસુઓ અમારા ગાલ ઉપરથી સરી પડતાં હતાં."

قَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ:

**فَاِذَا كَانَ الْقِيَامَةُ تَشْفَعِيْنَ اَنْتِ لِلنِّسَآءِ وَاَنَا اَشْفَعُ لِلرِّجَالِ وَكُلُّ مَنْ بَكٰى مِنْهُمْ عَلٰى مُصَابِ الْحُسَيْنِ اَخَذْنَا بِيَدِهٖ وَاَدْخَلْنَاهُ الْجَنَّةَ**

રસૂલલ્લાહ (સ.)એ (હઝરત બીબી ફાતેમા (અ.)ને) ફરમાવ્યું કે, "કયામતના દિવસે તમે સ્ત્રીઓ માટે શફાઅત કરશો, અને હું પુરુષો માટે શફાઅત કરીશ; એ દરેક માણસ કે જે હુસૈન (અ.)ની કરુણ ઘટના પર રડ્યો હશે, તેનો હાથ પકડીને અને તેને દોરીને આપણે જન્નતમાં લઈ જઈશું."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૯૪, સફહા–૧૯૨)

**(૩૬) હઝરત ઈમામ જાફર સાદિક (અ.) આશૂરાના દિવસે**

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ سِنَانٍ قَالَ:

**دَخَلْتُ عَلٰى سَيِّدِيَ اَبِيْ عَبْدِ اللّٰهِ جَعْفَرِ بْنِ مُحَمَّدٍ عَلَيْهِ السَّلَامُ يَوْمَ عَاشُوْرَآءَ فَاَلْفَيْتُهٗ كَاسِفَ اللَّوْنِ ظَاهِرَ الْحُزْنِ وَدُمُوْعُهٗ تَنْحَدِرُ مِنْ عَيْنَيْهِ كَاللُّؤْلُؤِ الْمُتَسَاقِطِ**

અબ્દુલ્લાહ ઈબ્ને સિનાન કહે છે, "હું આશૂરાના દિવસે મારા મૌલા હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં આવ્યો અને આપ (અ.)ને જોયા કે આપ (અ.)નો ચહેરો ફિક્કો પડી ગયેલો હતો અને આપ (અ.)ને દુઃખગ્રસ્ત હાલતમાં જોયા, આપ (અ.)ની આંખોમાંથી મોતીઓની માફક આંસુ સરતાં જોયાં."

(મુસ્તદરકુલ વસાઈલ, જિલ્દ–૧૦, સફહા–૩૧૮)

**(૩૮) હઝરત ઈમામ હુસૈન (અ.)ના રોઝાની ઝિયારત માટે જવું**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ:

وَيَنْظُرُ إِلَىٰ زُوَّارِهِ وَهُوَ أَعْرَفُ بِهِمْ وَبِأَسْمَائِهِمْ وَأَسْمَاءِ آبَائِهِمْ وَدَرَجَاتِهِمْ وَمَنْزِلَتِهِمْ عِنْدَ اللّٰهِ عَزَّ وَجَلَّ مِنْ أَحَدِكُمْ بِوَلَدِهِ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "આપ (હઝરત ઈમામ હુસૈન (અ.)) એ લોકોને જુએ છે કે જેઓ આપ (અ.)ના રોઝામાં આવે છે, અને આપ (અ.) તેમનાં નામ અને તેમના પિતાનાં નામ જાણે છે, અને અલ્લાહ અઝ્ઝ વ જલ્લની નજરમાં તેમના દરજ્જાઓને પણ એના કરતાં વધારે સારી રીતે જાણે છે કે જેટલા તમે તમારા પોતાના સંતાનોને જાણો છો!"

(વસાઈલુશશીઆ, જિલ્દ–૧૪, સફહા–૪૧૧)

**(૩૯) ઈસા (અ.)નું રુદન કરવું**

قَالَ عَلِيٌّ عَلَيْهِ السَّلَامُ لِابْنِ عَبَّاسٍ:

فَجَلَسَ عِيسَىٰ وَجَلَسَ الْحَوَارِيُّونَ مَعَهُ فَبَكَىٰ وَبَكَى الْحَوَارِيُّونَ وَهُمْ لَا يَدْرُونَ لِمَ جَلَسَ وَلِمَ بَكَىٰ فَقَالُوا يَا رُوحَ اللّٰهِ وَكَلِمَتَهُ مَا يُبْكِيكَ قَالَ أَتَعْلَمُونَ أَيُّ أَرْضٍ هٰذِهِ قَالُوا لَا قَالَ هٰذِهِ أَرْضٌ يُقْتَلُ فِيهَا فَرْخُ الرَّسُولِ أَحْمَدَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَآلِهِ

હઝરત ઈમામ અલી (અ.)એ ઈબ્ને અબ્બાસને ફરમાવ્યું, "(એક વાર ઈસા (અ.) જ્યારે કરબલા પાસેથી પસાર થવા પામ્યા,) તો ઈસા (અ.) નીચે બેસી ગયા અને રડવા લાગ્યા. આપ (અ.) ના અનુયાયીઓ કે જેઓ આપ (અ.)ને જોઈ રહ્યા હતા, તેઓ પણ આપ (અ.)ને અનુસર્યા અને તેઓ પણ રડવા લાગ્યા, પરંતુ તેઓ સમજી ન શકયા કે શા માટે આપ (અ.) બેસી ગયા અને રડવા લાગ્યા. તેમણે આપ (અ.)ને પૂછ્યું, "અય રૂહુલ્લાહ! એવી કઈ બાબત હતી કે જેણે આપને રડાવ્યા?" ઈસા (અ.)એ ફરમાવ્યું, "શું તમને ખબર છે કે આ જમીન કઈ છે?" અનુયાયીઓએ કહ્યું, "ના." ત્યાર પછી આપ (અ.)એ ફરમાવ્યું, "આ એ જમીન છે કે જેના ઉપર નબી અહમદ (સ.)ના ફરઝંદને ઝુબ્હ કરવામાં આવશે.""

(બિહારુલ અન્વાર, જિલ્દ–૪૪, સફહા–૨૫૨)

**(૪૦) બધી મખ્લૂકનું હઝરત ઈમામ હુસૈન (અ.) ઉપર રુદન કરવું**

عَنْ أَبِي بَصِيرٍ عَنْ أَبِي جَعْفَرٍ قَالَ:

بَكَتِ الْإِنْسُ وَالْجِنُّ وَالطَّيْرُ وَالْوَحْشُ عَلَى الْحُسَيْنِ بْنِ عَلِيٍّ عَلَيْهِ السَّلَامُ

અબૂ બસીર રિવાયત કરે છે કે હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું, "માનવીઓ, જિન્નાત, પક્ષીઓ, અને જંગલી જાનવરો (બધાં) એ હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી (અ.) ઉપર (આવી પડેલ કરુણ ઘટના ઉપર) વિલાપ કર્યો હતો અને રડ્યાં હતાં."

(કામિલુઝિયારાત, સફહા–૭૯)



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

وَمَا كَانَ لِبَشَرٍ اَنْ يُّكَلِّمَهُ اللّٰهُ اِلَّا وَحْيًا اَوْ
مِنْ وَّرَآئِ حِجَابٍ اَوْ يُرْسِلَ رَسُوْلًا فَيُوْحِيَ
بِاِذْنِهٖ مَا يَشَآءُ ؕ اِنَّهٗ عَلِيٌّ حَكِيْمٌ ﴿۵۱﴾

❁ અને કોઈ મનુષ્યની એટલી મજાલ નથી કે તેની સાથે અલ્લાહ વાત કરે, સિવાય કે વહી દ્વારા, અથવા પડદા પાછળથી, અથવા કોઈ ફરિશ્તો મોકલીને; પછી તે પોતાના હુકમથી જે ચાહે તે પ્રગટ કરે; ખચીત જ તે ઉચ્ચ દરજ્જાવાળો (અને) હિકમતવાળો છે. **(સૂરા શૂરા, આયત-૫૧)**

---

وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى وَّاٰتٰهُمْ
تَقْوٰىهُمْ ﴿۱۷﴾

❁ અને જે લોકો સન્માર્ગને અનુસરે છે, તેમની સન્માર્ગની પ્રેરણાને તે (અલ્લાહ) વધુ વધારી દે છે, અને તેમને પરહેઝગારીની પ્રેરણા આપે છે.

**(સૂરા મોહંમદ, આયત-૧૭)**

---

وَلَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ وَنَعْلَمُ مَا تُوَسْوِسُ
بِهٖ نَفْسُهٗ ۚۖ وَنَحْنُ اَقْرَبُ اِلَيْهِ مِنْ حَبْلِ
الْوَرِيْدِ ﴿۱۶﴾

❁ અને નિ:સંશય મનુષ્યને અમોએ જ પેદા કર્યો છે, અને તેનું મન જે કાંઈ સૂચવે છે, તે અમે જાણીએ છીએ, અને અમે તેની ધોરી નસ કરતાંય વધારે પાસે છીએ. **(સૂરા કાફ, આયત-૧૬)**

---

وَالسَّمَآءِ ذَاتِ الْحُبُكِ ۙ﴿۷﴾

❁ અને કસમ છે માર્ગોવાળા આકાશની.

**(સૂરા ઝારિયાત, આયત-૭)**

وَالطُّوْرِ ۙ﴿۱﴾

❁ કસમ છે તે (સીના) પર્વતની.

**(સૂરા તૂર, આયત–૧)**

---

وَكِتٰبٍ مَّسْطُوْرٍ ۙ﴿۲﴾

❁ અને કસમ છે લખેલી કિતાબની.

**(સૂરા તૂર, આયત–૨)**

---

فِیْ رَقٍّ مَّنْشُوْرٍ ۙ﴿۳﴾

❁ ખુલ્લાં પાનાંમાં[1] **(સૂરા તૂર, આયત–૩)**

---

وَّالْبَيْتِ الْمَعْمُوْرِ ۙ﴿۴﴾

❁ અને કસમ છે બૈતુલ મામૂર (એટલે કે આબાદ ઘર કા'બા)ની. **(સૂરા તૂર, આયત–૪)**

---

وَالسَّقْفِ الْمَرْفُوْعِ ۙ﴿۵﴾

❁ અને ઊંચા ગુંબજ (આકાશ)ની.

**(સૂરા તૂર, આયત–૫)**

---

وَالْبَحْرِ الْمَسْجُوْرِ ۙ﴿۶﴾

❁ અને ઊભરેલા સમુદ્રની.

**(સૂરા તૂર, આયત–૬)**

---

اِنَّ عَذَابَ رَبِّكَ لَوَاقِعٌ ۙ﴿۷﴾

❁ નિ:સંશય તારા પરવરદિગારનો અઝાબ થઈને જ રહેનાર છે. **(સૂરા તૂર, આયત–૭)**

---

وَالنَّجْمِ اِذَا هَوٰى ۙ﴿۱﴾

❁ કસમ છે તે સિતારાની જ્યારે કે તે (આકાશમાંથી) તૂટી પડે છે.

**(સૂરા નજમ, આયત–૧)**

---

مَا ضَلَّ صَاحِبُكُمْ وَمَا غَوٰى ۚ﴿۲﴾

❁ તમારો સાથી ન આડે માર્ગે ગયો છે અને ન તેણે ભૂલ કરી છે.

**(સૂરા તૂર, નજમ, આયત–૨)**

---

وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى ؕ﴿۳﴾

❁ અને તે પોતાના મનની ઈચ્છાથી કાંઈ કહેતો નથી. **(સૂરા નજમ, આયત–૩)**

---

1 અલ્લાહ તરફથી નાઝિલ થયેલી કિતાબ અથવા આકાશી પુસ્તકો.



# ગુરરુલ હિકમ

غُرَرُ الحِکَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસઅહેમદ એડ. જાફરી

## અલ્લાહના હુકમો

١- فِيْ حَمْلِ (عَمَلِ) عِبَادِ اللّٰهِ عَلٰى اَحْكَامِ اللّٰهِ اسْتِيْفَاۤءُ الْحُقُوْقِ وَكُلُّ الرِّفْقِ

૧. લોકોને અલ્લાહના હુકમોને પાળવા માટે પ્રોત્સાહિત કરવા તે જ સંપૂર્ણ ભલાઈ છે.

٢- لَوْ حَفِظْتُمْ حُدُوْدَ اللّٰهِ سُبْحَانَهٗ لَعَجَّلَ لَكُمْ مِّنْ فَضْلِهِ الْمَوْعُوْدُ

૨. જો તમે અલ્લાહની હદોનું પાલન કરનારા હોત, તો અલ્લાહ સુબ્હાનહૂ તઆલાએ તમારા પર વાયદો કરેલી નેઅમતો ક્યારનીય નાઝિલ કરી દીધી હોત.

٣- مَنْ قَصَّرَ عَنْ اَحْكَامِ الْحُرِّيَّةِ اُعِيْدَ اِلَى الرِّقِّ

૩. જે માણસ આઝાદીના નિયમોની અવગણના કરે છે, અલ્લાહ તેને ગુલામીમાં ધકેલી દે છે.

## હિકમત

١- اَلْحِكْمَةُ رَوْضَةُ الْعُقَلَاۤءِ، وَنُزْهَةُ النُّبَلَاۤءِ

૧. હિકમત બુદ્ધિશાળી માટે બગીચો છે અને ઉમદા લોકો માટે સહેલગાહ છે.

٢- اَلْحِكْمَةُ لَاتَحِلُّ قَلْبَ الْمُنَافِقِ اِلَّا وَهِيَ عَلٰى ارْتِحَالٍ

૨. હિકમત મુનાફિકના હૃદયમાં સ્થાયી થતું નથી, સિવાય કે તેનાથી ઝડપથી છૂટું પડી જાય છે.

٣- اَلْحِكْمَةُ ضَاۤلَّةُ كُلِّ مُؤْمِنٍ، فَخُذُوْهَا وَلَوْ مِنْ اَفْوَاهِ الْمُنَافِقِيْنَ

૩. હિકમત મોમિનની ગુમ થયેલી વસ્તુ છે, તેથી જો મુનાફિક પાસેથી મળે તો પણ તેને લઈ લો.

٤- اَلْحِكْمَةُ شَجَرَةٌ تَنْبُتُ فِي الْقَلْبِ، وَتُثْمِرُ عَلَى اللِّسَانِ

૪. હિકમત એક વૃક્ષ છે, તે હૃદયમાં ઊગે છે અને જીભ ઉપર ફળ આપે છે.

٥۔ اِسْتَشْعِرِ الْحِكْمَةَ، وَتَجَلْبَبِ السَّكِيْنَةَ، فَاِنَّهُمَا حِلْيَةُ الْاَبْرَارِ

૫. તમારા દિલને હિકમતથી ભરી દો અને સુલેહશાંતિને તમારો પોશાક બનાવો, કારણ કે આ બન્ને નેક લોકોના દાગીના છે.

٦۔ اَوَّلُ الْحِكْمَةِ تَرْكُ اللَّذَّاتِ، وَاٰخِرُهَا مَقْتُ الْفَانِيَاتِ

૬. હિકમતની શરૂઆત છે મોજમજાનો ત્યાગ કરવો, અને તેનો અંત છે નાશવંત બાબતોમાં અરુચિ પેદા થવી.

٧۔ اَفْضَلُ الْحِكْمَةِ مَعْرِفَةُ الْاِنْسَانِ نَفْسَهٗ، وَوُقُوْفُهٗ عِنْدَ قَدْرِهٖ

૭. માનવી માટે સૌથી ઉચ્ચ પ્રકારનું હિકમત પોતાની જાતને પારખવામાં અને હદો ન ઓળંગવામાં છે.

٨۔ اَلْحِكْمَةُ تُرْشِدُ

૮. હિકમત સીધા રસ્તા તરફ દોરે છે.

٩۔ اَلْحِكْمَةُ عِصْمَةٌ

૯. હિકમત રક્ષણ છે.

١٠۔ اَلْحِكَمُ رِيَاضُ النُّبَلَآءِ

૧૦. હિકમત ઉમદા લોકોનો બગીચો છે.

١١۔ اِذَا ضَلَلْتَ عَنْ حِكْمَةِ اللّٰهِ فَقِفْ عِنْدَ قُدْرَتِهٖ، فَاِنَّكَ اِنْ فَاتَكَ مِنْ حِكْمَتِهٖ مَا يَشْفِيْكَ فَلَنْ يَّفُوْتَكَ مِنْ قُدْرَتِهٖ مَا يَكْفِيْكَ

૧૧. જ્યારે તમે અલ્લાહની હિકમતથી દૂર થઈ જાઓ, તો તેની કુદરતથી નજીક થઈ જાઓ. કારણ કે, જો તમે અલ્લાહની હિકમતને ગ્રહણ ન કરી શકો તો પણ, તમારાથી તે નહીં છૂટે જે તમારા માટે પૂરતું હશે અને કદીય સમાપ્ત થશે નહીં.

١٢۔ بِالْحِكْمَةِ يُكْشَفُ غِطَآءُ الْعِلْمِ

૧૨. હિકમત દ્વારા ઈલ્મનો પડદો હટાવવામાં આવે છે.

١٣۔ ثَمَرَةُ الْحِكْمَةِ الْفَوْزُ

૧૩. હિકમતનું ફળ સફળતા છે.

١٤۔ ثَمَرَةُ الْحِكْمَةِ التَّنَزُّهُ عَنِ الدُّنْيَا، وَالْوَلَهُ بِجَنَّةِ الْمَاْوٰى

૧૪. હિકમતનું ફળ દુનિયાથી અલિપ્તતા અને જન્નત તરફ આકર્ષણ છે.

١٥۔ جَمَالُ الْحِكْمَةِ الرِّفْقُ، وَحُسْنُ الْمُدَارَاةِ

૧૫. હિકમતની સુંદરતા છે ઉદારતા અને સારી વર્તણૂક.

١٦۔ حَدُّ الْحِكْمَةِ الْاِعْرَاضُ عَنْ دَارِ الْفَنَآءِ، وَالتَّوَلُّهُ بِدَارِ الْبَقَآءِ

૧૬. હિકમતની હદ છે નાશવંત દુનિયાથી અણગમો અને આખેરતની મોહબ્બત.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار

# નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

## કિતાબુસ્સિફ્ફીન

મદીનાવાળાઓની બૈઅત લેવાથી ફારેગ થયા પછી અમીરુલ મોમિનીન (અ.)એ પોતાના હાકિમોના નામે ફરમાન જારી ફરમાવ્યાં કે પોતપોતાની રૈયતથી હઝરત અલી (અ.)ની બૈઅત લઈ લે. વળી એક ફરમાન મુઆવિયાના નામે મોકલ્યું કે તમામ મુહાજિરીન અને અન્સારે મારી બૈઅત એવી રીતે કરી લીધી છે કે જેવી રીતે હઝરત અબૂ બક્ર, ઉમર અને ઉસ્માનની કરી હતી. અહીં હઝરત અલી (અ.)એ પોતાની ખિલાફત મન્સૂસ મિનલ્લાહ (જેમનું સમર્થન કરતી સનદ કુરઆનની આયતોમાં અને રસૂલલ્લાહ (સ.)ની રિવાયતોમાં મોજૂદ હોય) હોવાનું બયાન ન ફરમાવ્યું, બલ્કે એવું લખીને ફરમાવ્યું કે ઉમ્મતનો ઈજ્માઅ કે જે તમારી અકીદતમાં હુજ્જતે ઈમામત છે, તે મારા હકમાં મેળવ્યો છે, તેથી તમે પોતે તથા તમારી હુકૂમતના તમામ ઉમરાવો, સન્માનનીય વ્યક્તિઓ અને ખાસ લોકો આવીને મારી બૈઅત કરી લો.

આ દરમિયાન તલ્હા અને ઝુબૈર અમીરુલ મોમિનીન (અ.)ના શાસનને પોતાની મરજીના વિરુદ્ધ સમજીને ઉમરા કરવાના બહાને મદીનામાંથી નીકળી ગયા અને હઝરત આયશા અને બીજા કેટલાક ખાસ માણસો સાથે મશ્વેરો કરીને એવું નકકી કર્યું કે અમીરુલ મોમિનીન (અ.) પાસેથી ખિલાફત ઝૂંટવી લે, બસરાને રણમેદાન ગણીને હઝરત આયશાને કમાન્ડર–ઈન–ચીફની હેસિયતથી સાથે લઈને બસરા રવાના થઈ ગયા.

આ જંગનું કારણ એ બતાવવામાં આવ્યું હતું કે હઝરત આયશા ઉસ્માનના ખૂનનો બદલો લેવા માગે છે કે જેના માટે અમીરુલ મોમિનીન (અ.) જવાબદાર છે. મુઆવિયાને એક બહાનું મળી ગયું અને તેણે અમીરુલ મોમિનીન (અ.)ને જવાબ મોકલ્યો કે પહેલાં ઉસ્માનના કાતિલોને તેના હવાલે કરી દેવામાં આવે અને બૈઅતની બીજી વખત વ્યવસ્થા કરવામાં આવે, એટલા માટે કે

આ બૈઅતે આમ્મા (સાર્વજનિક બૈઅત) ન હતી, પરંતુ કેટલાક ખાસ લોકોએ જ બૈઅત કરી હતી. આ સિલસિલામાં લાંબો પત્રવ્યવહાર ચાલ્યો કે જે બાબે મકતૂબાતે નહ્જુલ બલાગા, મુસ્તદ્રક, આલે કાશિફુલ ગિતાઅ, મકતૂબાતે અલી અઝ હકીમ બની અહમદખાન રામપૂરી અને નહ્જુલ અસરાર જિલ્દ–૩માં લખાયેલો છે. નહ્જુલ અસરારમાં માત્ર એ જ મકતૂબાત લખવામાં આવ્યા છે કે જે નહ્જુલ બલાગામાં નથી.

જ્યારે આપ (અ.)ની તમામ નસીહતો અને હિદાયતો નિષ્ફળ રહી અને મુઆવિયાએ આ કાર્યના ફેંસલાને રણમેદાન જ ગણી લીધું, તો અલી (અ.) મજબૂર થઈ ગયા અને પોતાના હાકિમોના નામે ફરમાનો મોકલ્યાં કે જલ્દીથી મદદ માટે ફોજો રવાના કરે, જે અંતર્ગત અલી (અ.)એ કૂફામાં આ ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો:

**ખુત્બો-૧**

"બેશક અલ્લાહે તમને પોતાના દીનથી પ્રતિષ્ઠિત કર્યા અને તમને પોતાની ઈબાદત માટે પેદા કર્યા, તેથી પોતાને તેના હકની અદાયગીમાં વકફ કરી દો અને પોતાને તેનાથી અહદની વફાનો અંશ ગણી લો. જાણી લો કે અલ્લાહે ઈસ્લામની બુનિયાદને મજબૂત બનાવી અને તેને અહદનામું ગણ્યું. તેણે તેની ઈતાઅતને આપણા નફસનો એક ભાગ અને રબની રઝા નક્કી કરી છે, અને સખ્ત તંગીના સમયે ઈતાઅતને અકલમંદો માટે ગનીમત બનાવી છે. લોકોમાંના સરદારોના અને તેમના પછાત વર્ગના મામલાઓની જવાબદારી મેં સંભાળી લીધી છે. કોઈ કુવ્વત નથી સિવાય અલ્લાહની. અલ્લાહે ઈચ્છ્યું તો અમે એ શખ્સની તરફ કૂચ કરીશું કે જેણે પોતાના નફસને નીચતામાં આસકત બનાવી દીધો છે અને એ કાર્યમાં હસ્તક્ષેપ કર્યો છે કે જે તેના માટે નથી અને તે તેનો બોધ સમજી શકતો નથી. મુઆવિયા અને તેના વિદ્રોહી ટોળાના મોઢામાં ઈબ્લીસે લગામ મૂકી દીધી છે, અને એની ચમકથી તે તેમને ધમકાવતો રહે છે. તે વાયદો કરીને તેને પૂરો કરતો નથી. દગાની દલીલો રજૂ કરે છે. તમે લોકો અલ્લાહના હરામ અને હલાલને સૌથી વધારે જાણો છો. હું તમને જે કંઈ કહું છું, તેમાં મારી સહાયતા કરો. અલ્લાહથી ડરો, જ્યારે કે અલ્લાહે શયતાનથી બચવા ડરાવ્યા છે અને હું જે બદલા અને કરમની તમને માહિતી આપું છું, તેના તરફ આકર્ષિત થાઓ. જાણી લો કે લૂંટાયેલો એ છે કે જેના દીનને લૂંટી લેવામાં આવે અને તેની અમાનતને પણ (લૂંટી લેવામાં આવે), અને મગરૂર એ છે કે જેણે હિદાયત પર ગુમરાહીને પ્રાથમિકતા આપી. હું તમારામાંથી એવા એક પણ શખ્સને નથી જાણતો કે જે પોતાને મારા કરતાં વધારે બરગુઝીદા સમજતો હોય. અને કહેતો હોય, મારા (ઈમામ અલી (અ.)) સિવાય કોઈ અન્ય માણસ અધિકાર ધરાવે છે. પછી તેઓ એકબીજા સાથે ભેગા થયા અને તેમની સંખ્યા વધી ગઈ એટલે સુધી કે તેમણે એક ટોળાની શકલ લીધી.

દરેક એ માણસ કે જે પોતાના ઘાટનું રક્ષણ નથી કરી શકતો, તે નાશ પામે છે. હું તમને હુકમ આપું છું કે અલ્લાહ ખાતર દિલને જિહાદ માટે મજબૂત બનાવો. મુસલમાનોને પરાજિત કરવાનો વિચાર ન કરો અને અલ્લાહથી મદદની પ્રતિક્ષામાં રહો."

------------

હઝરત અમીરુલ મોમિનીન (અ.) ૫, શવ્વાલ, હિ.સ. ૩૬, બુધવારે શામ જવા રવાના થયા અને રવાનગી પહેલાં તહલિયા મુકામે ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો કે જે નહ્જુલ બલાગામાં લખેલો છે.

## (૨) માલિકે અશ્તરને સંબોધન

ઝિયાદ અને શુરૈહને ઈમામ (અ.)એ પહેલાં જ શામ તરફ રવાના કરી દીધા હતા, કે જેઓ મંઝિલો પાર કરતા જતા હતા, એવામાં તેમને અબુલ આવર અસ્સુલમીની સરદારીમાં શામના સિપાહીઓનું એક ટોળું નજરે પડ્યું. ઝિયાદે તેમને ઈમામ અલી (અ.)ની પૈરવીની દાવત આપી, પરંતુ તેમણે ઈન્કાર કરી દીધો. તો ઝિયાદે તરત જ હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની તરફ આખા મામલાનો વિગતવાર અહેવાલ મોકલ્યો. આ અહેવાલ મળતાંની સાથે જ ઈમામ અલી (અ.)એ માલિકે અશ્તરને બોલાવીને આ પ્રમાણે હુકમ ફરમાવ્યો:

"અય માલિક! બેશક ઝિયાદ અને શુરૈહે મારી તરફ સંદેશો મોકલ્યો છે, અને મને જણાવ્યું છે કે તે બન્નેએ શામીઓના લશ્કરમાંથી અબુલ આવર અસ્સુલમીથી સામનો કર્યો છે, અને કાસિદે મને સમાચાર આપ્યા છે કે તે તેમને એકબીજાનો સામનો કરતા છોડીને આવ્યો છે, માટે તમારા સાથીઓને મોકલો અને તેમને છોડાવો. પછી, જ્યારે તમે તેમની પાસે પહોંચો, તો તમે તેમના સરદાર છો, તેથી લોકો સાથે જંગ કરવામાં પહેલ ન કરતા, જ્યાં સુધી તેઓ તમારાથી જંગ શરૂ ન કરે. એ પહેલાં, તેમની સાથે મુલાકાત કરજો અને તેમને દાવત આપજો અને (તેમના જવાબને) સાંભળજો, અને તમને તેમની સાથેની નફરત તેમની (જંગ માટેની) માંગણી કરવા પહેલાં અને તેમના પર વારંવાર હુજ્જત કરવા પહેલાં જંગ કરવા માટે ન ઉશ્કેરે. અને તમે તમારી જમણી બાજુએ ઝિયાદને અને તમારી ડાબી બાજુએ શુરૈહને રાખજો, અને તમે તમારા સાથીઓ સાથે વચ્ચે રહેજો, અને ન તો તેમની નજીક જજો, જેવી રીતે કોઈ માણસ જંગમાં જોડાવાની ઈચ્છાએ નજીક જાય છે, અને ન તો તેમનાથી દૂર રહેજો, જેવી રીતે કોઈ માણસ ડરના કારણે દૂર રહે છે, ત્યાં સુધી કે હું તમારી પાસે પહોંચી જાઉં, કેમ કે હું તમારી પાછળ જલ્દી કૂચ કરીશ, ઈન્શાઅલ્લાહ."

ઝિયાદ અને શુરૈહને હઝરત ઈમામ અલી (અ.)એ હિદાયત ફરમાવી કે માલિકે અશ્તરનું આજ્ઞાપાલન કરે અને એ સમય સુધી જંગ શરૂ ન કરે કે જ્યાં સુધી આપ (અ.) ત્યાં ન આવી જાય.



Trusted Since 2014
MARVEL JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com
MARVEL JEWELLERS



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક઼્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૬૬**

**યું અબ્દુલ્લાહને, તારકકું ફના રે કિતા,**
**ભી બાર રે આદમી, મારે રે સુણિતા.**

*(આવી રીતે હઝરત અબ્દુલ્લાહે તારકને ફના કર્યો, અને બાર દુશ્મનોને મારી નાખ્યા, એવું સાંભળ્યું છે.)*

**ભી ફોજકી તરફ, મુંહ રે ફિરાયા,**
**દુરીજન કેરા લશ્કર, માર બેર રે ડલાયા.**

*(અને પછી પોતાનું મોઢું લશ્કરની તરફ કર્યું, અને દુશ્મનોનું લશ્કર મારીને વેરવિખેર કરી નાખ્યું.)*

**એતી જંગાઈ કરને, આએ શહઝાદેકે પાસા,**
**સો પાણી હો કેરી, મન ધરને આશા.**

*(આટલો જંગ કરીને ઈમામ હુસૈન (અ.) ની પાસે આવ્યા, અને દિલમાં પાણીની આશા લઈને આવ્યા.)*

**યા ચચા આતશ આતશ, કરને આખા,**
**હું મેં પ્યાસા રે પ્યાસા, કર રે દાખા.**

*(અય કાકા! તરસ લાગી છે તરસ! એમ કહીને કહેવા લાગ્યા, હું તરસ્યો છું તરસ્યો! એમ કહીને કહેવા લાગ્યા.)*

**વાય નેનુંકી શહઝાદે રે, કહ્યા રોશનાઈ,**
**વાય સરવર સીને, કર બાત રે બતાઈ.**

*(ઈમામ હુસૈન (અ.)એ કહ્યું કે, હાય અફસોસ! તમે તો મારી આંખોની રોશની છો, હાય અફસોસ! તમે તો મારી (બાદશાહીની) જુવાની છો, એમ કહીને કહેવા લાગ્યા.)*

**અબ પાણી તો તમુંકું, દાદા તમારા પિલાવે,**
**એ શહઝાદેને આખા, બોલ રે સુનાવે.**

*(હવે તો તમને તમારા દાદા પાણી પિવડાવશે, આવા શબ્દો ઈમામ હુસૈન (અ.) એ તેમને સંભળાવ્યા.)*

**એ બશારત તો અબ્દુલ્લાહને, સુન કર લિતી,**
**અને મેદાનમાં આએ, ફિર બાત રે સુણિતી.**

*(આ ખુશખબરી અબ્દુલ્લાહ સાહેબે સાંભળી લીધી, અને ફરીથી રણમેદાનમાં આવ્યા. એવી વાત સાંભળી છે.)*

**તબ હઝાર રે પાંચ, આએ અસવારા,**
**ઉનુંઅબ્દુલ્લાહકેસામી, સોચજંગકાસવારા.**

*(ત્યારે પાંચ હજાર ઘોડેસવારો અબ્દુલ્લાહ સાહેબની સામે જંગ કરવાનો વિચાર કરીને આવ્યા.)*

**ઉનું એક બાર આવકર, હુમલા કિતા,**
**તબ તીરુંકે ઘાવ, પેહલે રે સુણિતા.**

*(તેમણે (દુશ્મનોએ) આવીને એક સાથે હુમલો કર્યો, અને પહેલાં તીરો મારીને ઘા કરવા લાગ્યા.)*

**બોત જખ્મી હોવડે, રહે ઉસ ઠામા,**
**તબ હુમલા કિયા, લે કિનારા કામા.**

*(ત્યારે અબ્દુલ્લાહ સાહેબ ઘણા જખ્મી થઈ ગયા, અને તે જગ્યાએ ઘેરાઈ ગયા, અને બહાર નીકળવા માટે હુમલો કર્યો.)*

**તબ દુશ્મનું નિકલને, દિએ રે નાંહાં,**
**એ સુન સુન મોમિનો, રાખો દલકે માંહાં.**

*(ત્યારે દુશ્મનોએ તેમને નીકળવા ન દીધા. આ સાંભળીને મોમિનો આ (બધું) દિલમાં રાખો.)*

રેતૂહી

**અનંત સિફત આપ હેં,**
**બૂઝો સુરીજાન હાર રે, બૂઝો સુરીજાન હાર;**
**વે ચાવે સોહી કરે,**
**વે કરે હેં મીતકું પ્યાર રે, વે કરે હેં મીતકું પ્યાર.**

*(સર્જનહાર અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાને ઓળખો કે તેના ગુણો પાર વગરના છે, તે જે ઈચ્છે છે તે કરે છે. તે પોતાના દોસ્તથી મોહબ્બત કરે છે.)*

**બયાન નં.૨૬૭**

**તબ અબ્બાસ ઈબ્ને, અલી રે કહીએ,**
**અને ઓરમાન ઔનકે, ભાઈ રે લહીએ.**

*(ત્યારે અલી (અ.)ના બેટા કે જેમનું નામ હઝરત અબ્બાસ (અ.) હતું, અને તેઓ ઔન સાહેબના ઓરમાન ભાઈ હતા.)*

**એ દોનું શહઝાદેકે, મદદકું આએ,**
**સો ભતીજેકી મદદકું, આએ રે સુણાએ.**

*(આ બન્ને પોતાના ભત્રીજા અબ્દુલ્લાહ સાહેબની મદદ માટે આવ્યા, એવું સાંભળ્યું છે.)*

**તબ પાંચ રે હઝાર, વે ભાગે રે અસવારા,**
**આવઆપઅબ્દુલ્લાહકું, પોંહચેબોતકરનેપ્યારા.**

*(ત્યારે પાંચ હજાર ઘોડેસવારોનું લશ્કર*

*ભાગવા લાગ્યું, અને અબ્દુલ્લાહ સાહેબની પાસે પહોંચીને તેમના ભાઈ ઘણી જ મોહબ્બત કરવા લાગ્યા.)*

**તબ અબ્દુલ્લાહકું નિકાલકર, એક કિનારા લિતા,**
**બોત અબ્દુલ્લાહ જખ્મી, હુએ રે સુણિતા.**

*(ત્યારે હઝરત અબ્દુલ્લાહને (દુશ્મનો વચ્ચેથી) કાઢીને એક બાજુએ લાવ્યા, ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઘણા જ જખ્મી થઈ ગયા હતા, એવું સાંભળ્યું છે.)*

**થે હલવે હલવે, ચલતે કહીએ,**
**ફીહાન બિન ઝહીર, નામ એકકા લહીએ.**

*(જ્યારે ધીમે ધીમે ચાલી રહ્યા હતા તો એક દુશ્મન કે જેનું નામ ફીહાન બિન ઝહીર હતું.)*

**ઉને પીછેસું આવકર, દિયા છાના રે દાવા,**
**દો ખભુંકિ બીચમાં, આવ ડલાયા ઘાવા.**

*(તેણે પાછળથી આવીને છૂપી રીતે દુશ્મની કરી, અને બન્ને ખભાઓના વચ્ચે (તલવારનો) વાર કર્યો.)*

**તબ ઘોડે સેતી, તલે રે આએ,**
**યું અબ્દુલ્લાહ શહીદ, હુએ રે સુણાએ.**

*(ત્યારે ઘોડા ઉપરથી જમીન ઉપર પડી ગયા, અને આવી રીતે હઝરત અબ્દુલ્લાહ શહીદ થયા. એવું સાંભળ્યું છે.)*

**જબ અબ્બાસને ફિર કર, દેખિયા નેનાં,**
**બેગે ફીહાનકું મારા, ધસ રણકે મેનાં.**

*(જ્યારે હઝરત અબ્બાસ (અ.) એ પાછા વળીને પોતાની નજરે જોયું, અને ઝડપથી એકાએક ફીહાનને રણમેદાનમાં જ મારી નાખ્યો.)*

**તબ સારિક રે બેટા, ફીહાન કેરા,**
**ઉને અબ્બાસકું નેઝા, ચાયા ડાલના સવેરા.**

*(ત્યારે ફીહાનનો બેટો કે જે સારિક હતો તેણે હઝરત અબ્બાસ (અ.)ને નેઝો મારવાનો વિચાર કર્યો.)*

**તબ ઔનને આગે આવ, મારી શમશેરા,**
**યું ઝટકા ડાલકર, પાર કિયા રે ઢેરા.**

*(ત્યારે હઝરત ઔને આગળ આવીને તલવાર મારી, અને એવી રીતે ઘા કર્યો કે તેને જમીન ઉપર ઢગલો કરી દીધો.)*

**ફિર અબ્બાસ તો ધસ કર, પાસ ભતીજેકે આએ,**
**જ્યાં શહીદ હોકર, પડે થે સુણાએ.**

*(પછી હઝરત અબ્બાસ (અ.) એકાએક ભત્રીજાની પાસે આવ્યા કે જ્યાં શહીદ થઈને પડેલા હતા.)*

**તબ આને અબ્બાસને, ભતીજા ઉચાએ,**
**સો અબ્દુલ્લાહકું લેકર, પાસ શહઝાદેકે આએ.**

*(ત્યારે હઝરત અબ્બાસ (અ.)એ આવીને ભત્રીજા અબ્દુલ્લાહને ઉઠાવી લીધા, અને તેમને*

*લઈને ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા.)*

**તબ શહઝાદેને દેખતે, નેનું ભરીયા પાની,**
**એ સુન સુન મોમિનો, બાત એતની જાની.**

*(ત્યારે (હઝરત અબ્દુલ્લાહને) જોતાં જ ઈમામ હુસૈન (અ.) રડવા લાગ્યા. આ સાંભળીને મોમિનો આટલી વાત જાણી.)*

**રેતૂહી**

**અબ્દુલ્લાહકું લેકર,**
**આએ શહઝાદે પાસ રે, આએ શહઝાદે પાસ;**
**તબ ઝારઝાર રોઈએ,**
**બોત બોત નેહકી આશ રે, બોત બોત નેહકી આશ.**

*(હઝરત અબ્દુલ્લાહને લઈને (હઝરત અબ્બાસ (અ.)) ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યા, ત્યારે ખૂબ જ મોહબ્બત કરીને અતિશય રડવા લાગ્યા.)*

*રિવાયતમાં છે કે રસૂલલ્લાહ (સ.)ને પૂછવામાં આવ્યું કે, "ઈખ્લાસ (ચોખ્ખી નિય્યત) શું છે?" તો આપ (સ.)એ ફરમાવ્યું કે, "મેં આ વિષે જિબ્રઈલ (અ.)ને પૂછ્યું તો જિબ્રઈલ (અ.)એ ફરમાવ્યું કે, "મેં આ વિષે રબ્બુલ ઈઝ્ઝતને પૂછ્યું તો અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, "ચોખ્ખી નિય્યત મારા ભેદોમાંથી એક ભેદ છે. હું તેને મારા એ બંદાના દિલમાં મૂકી દઉં છું કે જેને હું પસંદ કરું છું."""*

*એક અન્ય રિવાયતમાં છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "દરેક સત્યની એક હકીકત હોય છે. અને કોઈ પણ બંદો ઈખ્લાસની હકીકત સુધી નથી પહોંચી શકતો, જ્યાં સુધી કે તે જે પણ કાર્ય અલ્લાહ ખાતર કરે તેના બદલે તેની જરાય પણ પ્રશંસા થાય તે તેને ન ગમે."*

*એક બીજી રિવાયતમાં છે કે, "ઈખ્લાસ એને કહેવાય કે જે બંદાના દીનને, તથા તેના કાર્યોને, અલ્લાહ માટે પાક કરી દે; અને તે બંદો પોતાના દીનમાં અલ્લાહની ઝાત વિષે કયારેય શિર્ક ન કરે, અને પોતાના કાર્યમાં કોઈની સામે પણ રિયાકારી ન કરે."*

એમ પણ કહેવાય છે કે ઈખ્લાસ એ છે કે બંદાના આમાલ જાહેરમાં અને બાતિનમાં એક સરખા થઈ જાય.

એવું પણ કહેવાય છે કે ઈખ્લાસ એ છે કે જે સઘળી ખિલ્કતથી છૂપું હોય છે, અને સઘળી બદીઓથી પાક હોય છે.

એવું પણ કહેવાય છે કે ઈખ્લાસ એ છે કે બંદો નેકીઓને એવી રીતે છુપાવે કે જેવી રીતે તે પોતાની બદીઓને છુપાવે છે.[1]

---

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૪૫૯

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૮ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۸

**હરમે પાકનું અસીર બનીને શામમાં જવું દરબારે યઝીદમાં હઝરત બીબી ઝૈનબ (અ.)નો ખુત્બો**

**حرمِ پاک کا اسیر ہو کے شام میں جانا دربارِ یزید میں حضرت بی بی زینبؑ کا خطبہ**

૧૫

بولا وہ کون سی عورت ہے وہ محبوسِ ستم
عرض کی اس نے کہ ہمشیرِ شہنشاہِ امم
باپ جس کا ہے علیؑ پشت پناہِ عالم
جس کی ماں فاطمہؑ ہے فخرِ جنابِ مریمؑ
ہے جو سلطانِ عرب اس کی نواسی ہے وہ
کلمہ گو جس کے ہیں سب اس کی نواسی ہے وہ

(તે (યઝીદ) બોલ્યો કે, “સિતમમાં જકડાયેલાં તે સ્ત્રી કોણ છે?” કહેનારાએ કહ્યું કે, “તેઓ હઝરત ઈમામ હુસૈન (અ.) નાં બહેન છે, જેમના બાપ હઝરત ઈમામ અલી (અ.) છે કે જેઓ કાએનાતના મુશ્કિલકુશા છે, જેમનાં મા હઝરત બીબી ફાતેમા (અ.) છે કે જેઓ ફખ્રે બીબી મરયમ (અ.) છે. જેઓ સુલ્તાને અરબ છે તેમનાં તે નવાસી છે. બધા જેમનો કલેમો પઢે છે તેમનાં તે નવાસી છે.)

૧૬

ہے وہی حضرتِ جعفرؑ کی بہو سینہ فگار
وہی زینبؑ ہے جو شبیرؑ کی تھی عاشقِ زار
لاشِ شہ پر وہی اُشتر سے گری تھی کئی بار
بعد مرنے کے بھی ہے بھائی بہن میں وہی پیار
قافلہ یوں تو سبھی شام و سحر روتا ہے
پر وہ روتی ہے تو شبیرؑ کا سر روتا ہے

(એ દુઃખિયારી, હઝરત જાફરે તૈયાર (અ.)નાં વહુ છે. તે એ ઝૈનબ (અ.) છે કે જેઓ હઝરત શબ્બીર (અ.)નાં આશિક હતાં. હુસૈન (અ.)ની લાશ ઉપર ઊંટ ઉપરથી તેઓ ઘણી વાર પડી ગયાં હતાં. હુસૈન (અ.)ના શહીદ થયા પછી પણ ભાઈ–બહેન વચ્ચે એવી જ મોહબ્બત છે. આમ તો આખો કાફલો સવાર–સાંજ રડે છે, પરંતુ જ્યારે તેઓ રડે છે ત્યારે શબ્બીર (અ.)નું સર મુબારક પણ રડે છે.")

١٧

بولا وہ کیا ہے پھر اوروں کے نہ آنے کا سبب      عرض کی ایک ہی رسی میں ہیں جکڑے ہوئے سب
خاک پر گرتی ہے جب بنتِ شہنشاہِ عرب      شور ہوتا ہے اسیروں میں کہ ہے ہے زینبؑ
ہوش میں آن کے بھائی کو وہ جب روتی ہے
دیر تک قیدیوں میں سینہ زنی ہوتی ہے

(યઝીદ બોલ્યો કે, "તો પછી બીજાઓનું ન આવવાનું કારણ શું છે?" કહ્યું કે, "(એ કે) એક જ રસ્સીમાં બધાં જકડાયેલાં છે. જ્યારે શહેનશાહે અરબનાં બેટી ઝૈનબ (અ.) જમીન પર પડી જાય છે, તો કેદીઓમાં 'હાય હાય ઝૈનબ'નો શોર મચે છે. હોશમાં આવીને જ્યારે તેઓ પોતાના ભાઈ ઉપર રડે છે, તો લાંબા સમય સુધી કેદીઓમાં માતમ બરપા થાય છે.)

١٨

انہیں رانڈوں میں ہے اک دخترِ فرزندِ نبیؐ      خوگرِ سینۂ دلبندِ رسولِؐ عربی
آفتِ فاقہ کشی بے پدری تشنہ لبی      دم بدم لب پہ یہ ہے این ابی این ابی
چھاتیاں پھٹتی ہیں اس درد سے وہ روتی ہے
شمر جب آنکھ دکھاتا ہے تو چپ ہوتی ہے

(તે બેવાઓમાં ફરઝંદે નબી (અ.)નાં એક બેટી પણ છે. તેઓ રસૂલે અરબી (સ.)ના નવાસાની છાતી ઉપર ઊંઘવાની આદતવાળાં છે. તેઓ ફાકાકશી, યતીમી અને તરસની આફતમાં છે. તેમના હોઠો ઉપર વારંવાર 'ક્યાં છે મારા બાબા? ક્યાં છે મારા બાબા?'ના પોકારો છે. છાતીઓ ફાટી જાય તેવા દર્દથી તેઓ રડે છે. શિમ્ર જ્યારે આંખો કાઢે છે તો તેઓ ચૂપ થઈ જાય છે.")

١٩

ذکر یہ تھا کہ وہ قیدی سرِ دربار آئے      سب پکارے کہ وہ حاکم کے گنہگار آئے
آگے روتے ہوئے سجادِؑ دل افگار آئے      پیچھے سر کھولے ہوئے عترتِ اطہار آئے

صاف خورشید سی شکلیں جو نظر آتی ہیں
آنکھیں سب ظالموں کی بند ہوئی جاتی ہیں


(આવી ચર્ચા ચાલી રહી હતી કે તેવામાં તે કેદીઓ દરબારમાં આવી પહોંચ્યાં. બધા કહેવા લાગ્યા કે આ હાકિમનાં ગુનાહગાર આવ્યાં. આગળ રડતાં રડતાં ઈમામ સજ્જાદ (અ.) આવ્યા. (આપ (અ.)ની) પાછળ ઉઘાડા માથે પાક અહલેબૈત (અ.) આવ્યાં. તેમના સૂર્ય જેવા ચમકતા ચહેરા જો નજરે પડે છે ને, તો જાલિમોની આંખો મીંચાઈ જાય છે.)

گو کہ اس روز تھیں سیدانیاں کھولے ہوئے بال
منہ چھپانے کو کسی پاس نہ تھا اک رومال
٢٠
بیٹیوں کا اسد اللہ کی اللہ رے جلال
آنکھ اٹھا کر کوئی دیکھے یہ کسی کی تھی مجال؟
جلوۂ روشنیِ طور نظر آتا ہے
کچھ نہ آنکھوں کو بجز نور نظر آتا ہے

(જો કે, એ દિવસે બધી સૈયદાણીઓ ઉઘાડા માથે હતી, કોઈની પાસે મોઢું ઢાંકવા માટે એક રૂમાલ સરખો પણ ન હતો; છતાંય, અલ્લાહ રે! અસદુલ્લાહની બેટીઓનો એવો જલાલ હતો, કે કોની મજાલ હતી કે તેમની તરફ આંખ ઉઠાવીને જુએ? (બધાને) ફક્ત તૂરની રોશનીનો જલવો જ નજરે પડતો હતો. આંખોને નૂર સિવાય બીજું કંઈ જ નજરે પડતું ન હતું.)

پردۂ چشم سے باہر نہ نکلتی تھی نظر
ایک سے پوچھتا تھا ایک کہ قیدی ہیں کدھر؟
٢١
بیٹیاں فاطمہؑ زہرا کی جو تھیں ننگے سر
دستِ حیدرؑ تھا تماشائیوں کی آنکھوں پر
تھا جو منظورِ خدا آلِ عبا کا پردہ
فاطمہؑ روکتی تھیں اپنی ردا کا پردہ

(આંખોના પડદામાંથી કોઈની નજર બહાર નીકળતી જ ન હતી. એક જણ બીજાને પૂછતો હતો કે કેદીઓ ક્યાં છે? હઝરત બીબી ફાતેમા ઝહરા (અ.)ની બેટીઓ ઉઘાડા માથે હતી, તેથી મૌલા અલી (અ.)નો હાથ તમાશાઈઓની આંખે આડે હતો. આલે અબા (અ.)નો પડદો કરવો અલ્લાહને મંજૂર હતો, એટલે બીબી ફાતેમા (અ.) પોતાની રિદાની આડ કરતાં હતાં.)


ZAHAB
JEWELLERS
હવે, હિંમતનગરમાં
જ્યાં ભરોસો, ભવ્યતા અને શણગારની દુનિયા
શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ પસંદગી,
સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઇ છૂપા ચાર્જીસ વગર.
ZAHAB
Zahab Jewellers
તદ્દન ફ્રી
ટેસ્ટિંગ મશીન વડે ઝવેરાતની ગુણવત્તા ચકાસો
100%
BIS હોલમાર્ક
100%
બાયબેકની ગેરંટી
+91 99254 22977
www.zahabjewellers.com
Shop No. B6-B7-B8 Ground Floor, Shantam-7, Nr. R.T.O. Circle, Himmatnagar,
Sabarkantha, Gujarat-383001

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ઓહદની લડાઈમાં**

ખંદકની લડાઈ હિ.સ. પના અંતમાં ઓહદની લડાઈનાં લગભગ બે વર્ષ પછી થઈ હતી. આ બન્ને જંગની વચ્ચે બીજા પણ જંગો અને મુકાબલાઓ થયા હતા, કે જેમાં રસૂલે અકરમ (સ.)નો અલમ મોટાભાગે હઝરત અલી (અ.)ના હાથમાં રહ્યો હતો. ઈસ્લામ અને ઈસ્લામવાળાઓને જ્યારે પણ કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડતો, ત્યારે લોકોનાં દિલ અને જીવોથી તે પરેશાની અને તકલીફને દૂર કરવામાં હઝરત અલી (અ.) હંમેશાં આગળ રહેતા હતા. બહાદુરી અને કુરબાનીનો એવો કોઈ પણ જંગ હોતો કે જેનાથી મોટા મોટા દિલાવરોની હિંમત ભાગી જતી, તે હઝરત અલી (અ.)ની રાહબરી અને લડાઈથી જીતી લેવાતો હતો.

હિજાઝ (મક્કા)ના કુરૈશ, અસંખ્ય અરબ કબીલાઓ, તેમના સાથીઓ અને મદીનાના યહૂદીઓ, મદીનામાં મુસલમાનો ઉપર લડાઈ કરવા માટે એકઠા થઈ ગયા હતા, કે જેથી ઈસ્લામનું અસ્તિત્વ બાકી ન રહે. સીરત અને તારીખની કિતાબોમાં તેમનાં આ પગલાંની બાબતમાં લખ્યું છે કે બની નુઝૈર કે જેમને રસૂલે અકરમ (સ.)એ મદીનાથી હાંકી કાઢ્યા હતા અને તેમની મિલ્કતો ઉપર કબજો કરી લીધો હતો, તેમના સરદારો જેવા કે સલ્લામ ઈબ્ને અબીલ હકીક, હય્ય ઈબ્ને અખ્તબ અને હૌઝા ઈબ્ને કૈસ, વગેરે મક્કામાં કુરૈશ પાસે આવ્યા અને લાંબી વાતચીત પછી આ બધા એ બાબત ઉપર સહમત થઈ ગયા કે વધુમાં વધુ સંખ્યામાં લશ્કર અને હથિયાર ભેગાં કર્યા પછી મુસલમાનો ઉપર હુમલો કરી દેવામાં આવે. કુરૈશે પણ આ નવી સામૂહિક યોજનાને પ્રાથમિકતા આપી અને વિચાર કર્યો કે આ નવી રીતથી પોતાનો એ હેતુ પૂરો થઈ જશે કે જે બદ્ર અને ઓહદમાં શક્ય બન્યો ન હતો.

તેથી યહૂદી અને કુરૈશની એક જમાઅત અરબના કબીલાઓની મુલાકાત માટે નીકળી

પડી કે જેથી તેમને રસૂલે અકરમ (સ.)ની તાકાત મજબૂત થઈ જવાનાં ભયાનક પરિણામોથી ડરાવે. તેથી અરબોની ઘણી મોટી સંખ્યાએ તેમની આ વાત માની લીધી. તેથી મક્કાના કુરૈશ અબૂ સુફ્યાનની આગેવાનીમાં ચાર હજાર સૈનિકોને લઈને નીકળ્યા કે જેમનામાં ત્રણસો ઘોડેસવાર હતા. તે લોકોએ પોતાના લશ્કરનો અલમ દારુન્નદવામાં સ્થાપિત કરી દીધો. તેમનામાં સુફ્યાન ઈબ્ને અબ્દુશ્શમ્સની આગેવાનીમાં કે જે હરબ ઈબ્ને ઉમય્યાનો સાથી હતો, બની સલીમના સાતસો લોકો, અને બની અસદ અને ફઝારાથી ઉય્યના ઈબ્ને હિસ્નની આગેવાનીમાં એક હજાર લોકો આવ્યા. એવી જ રીતે, બની અશ્જઅ અને બની મુર્રા ઈબ્ને ઔફમાંથી એક મોટી સંખ્યા આવી, એટલે સુધી કે તે મળીને દસ હજાર લોકો થઈ ગયા. જ્યારે બની ખુઝાઆના એક પ્રતિનિધિએ રસૂલે અકરમ (સ.)ની સેવામાં હાજર થઈને એવી જાણકારી આપી કે કુરૈશ અને તેમના સાથીઓ આપ (અ.)ના વિરુદ્ધ ભેગા થઈ રહ્યા છે. તો આપ (સ.)એ મુસલમાનોને ભેગા કરીને સબ્રની સાથે જિહાદ કરવાની અને હુમલો કરનારાઓનો સામનો કરવાની શિખામણ આપી. વળી તેમનાથી સલાહ લીધી કે કેવી યુક્તિ કરવામાં આવે કે જેથી દુશ્મનોનું મદીનામાં દાખલ થવું શક્ય ન બને. અંતિમ સલાહ સલમાન ફારસી (રઝી.)એ રજૂ કરી કે જે સૌને પસંદ પડી, કેમ કે કોઈ એવો બંદોબસ્ત કરવો જરૂરી હતો કે જેનાથી શહેરની અંદર હુમલાખોરોના આગળ વધવામાં રોકથામ થઈ જાય અને બન્ને પક્ષોના નજીક આવવાનો ખતરો ઓછો થઈ જાય.

આ લડાઈના સંબંધે રિવાયતમાં આવ્યું છે કે સલમાને મોહંમદી (રઝી.)ની આ તદ્બીરના લીધે મુસલમાનો તેમને પસંદ કરવા લાગ્યા અને તેમનો આદર કરવા લાગ્યા. મુહાજિરો અને અન્સાર બન્નેએ તેમનાથી નિકટતા મેળવી. તેથી મુહાજિરોએ કહ્યું કે, “સલમાન (રઝી.) અમારામાંથી છે.” અને અન્સારે કહ્યું કે, “સલમાન (રઝી.) અમારામાંથી છે.” તે લોકોમાં સલમાન (રઝી.)ના આદર માટે ઘણો જોશ અને તડપ પેદા થઈ ગયાં. રસૂલે અકરમ (સ.)એ પણ તેમને પસંદ કર્યા અને તેમના માનમાં પોતે પણ તે પ્રખ્યાત વાક્ય ફરમાવીને ભાગ લીધો કે, “સલમાન (રઝી.) અમ અહલેબૈત (અ.)માંથી છે.” એક બીજા સમયે રસૂલે અકરમ (સ.)એ મુસલમાનોને સંબોધન કરતાં ફરમાવ્યું, “તેમને સલમાન ફારસી ન કહો, પરંતુ સલમાને મોહંમદી કહો.”

કદાચ રસૂલે અકરમ (સ.)નો હેતુ તેનાથી એ હતો કે મુસલમાન એ વાત મનમાં બેસાડી લે કે હસબનસબ માણસના મર્તબાને બુલંદ નથી કરતો,

પરંતુ જે વસ્તુ તેના મર્તબાને બુલંદ કરે છે, તે છે નેક અમલ અને નિખાલસ પ્રયત્નો. જો સલમાન (રઝી.)માં નિખાલસતા, ઈસ્લામ અને તેની તાલીમ ઉપર ઊંડું ઈમાન, અને તેના માટે કુરબાનીનો તેમ જ તેના માર્ગમાં શહાદતનો જુસ્સો ન હોત, તો તેઓ પણ બીજા માણસો જેવા જ હોત.

હવે મુસલમાનોએ રસૂલે અકરમ (સ.)ની સાથે મળીને સલમાન (રઝી.)ની સલાહ ઉપર અમલ કરતાં એક ખંદક ખોદવાનું શરૂ કરી દીધું કે જે મદીનાને ઘેરામાં લઈ લે અને હુમલો કરનારાઓ માટે તેમાં દાખલ થવામાં અડચણરૂપ બની જાય.

તારીખે તબરી અને બીજી કિતાબોમાં છે કે રસૂલે અકરમ (સ.)એ દરેક દસ મુસલમાન માટે ચાલીસ હાથ ખોદકામ કરવાની મર્યાદા નિશ્ચિત કરી. રસૂલે અકરમ (સ.) પોતે પણ એક સામાન્ય માણસની જેમ ખંદક ખોદવામાં વ્યસ્ત હતા, અલબત્ત મુનાફિકોની એક જમાઅત પોતાના ઘર તરફ ચાલી નીકળી. કેટલાકે થોડાંક કારણો જણાવી રસૂલે અકરમ (સ.) પાસે રજા માગી કે તેઓ પોતાના ઘેર જ રહે, પરંતુ તે કારણોનો હકીકત સાથે સંબંધ ન હતો, તેથી સીરતે નબી (સ.)ની કેટલીક કિતાબોમાં છે કે અલ્લાહે તેમના વિષે થોડીક આયતો નાઝિલ કરી.

કુરૈશ પોતાના તે ઊભરાતા લશ્કર સાથે આવી પહોંચ્યા કે જે સંખ્યામાં મુસલમાનોથી ત્રણગણાથી પણ વધારે હતું, તેમ જ યુદ્ધની એવી એવી સાધનસામગ્રીની સાથે કે જે મુસલમાનો પાસે હાજર ન હતી. તે ઘમંડ અને અભિમાનમાં ડૂબેલા હતા અને સમજી રહ્યા હતા કે રસૂલે અકરમ (સ.) અને આપ (સ.)ના સહાબીઓ અમારી સાથે થોડા જ કલાકોના મુકાબલાની સહનશક્તિ પણ ધરાવી શકશે નહીં, પરંતુ તેમને પોતાના અને મુસલમાનોની વચ્ચે એક મોટા અવરોધનો સામનો કરવો પડ્યો. આ એ જ ખંદક હતી કે જેને તે સખત પ્રયત્નો વગર પસાર કરી શકવાના ન હતા, ખાસ કરીને એટલા માટે કે મુસલમાનો દરેક તે માણસ ઉપર સખત નજર રાખેલા હતા કે જે તે ખંદકને પાર કરવા ઈચ્છતો હતો. તેથી કુરૈશ પોતાના સિપાહીઓ અને સવારોની સાથે અચંબિત થઈને તેની પાસે ઊભા રહ્યા. જો કે, તેમણે તીરો વરસાવવાનું શરૂ કરી દીધું, પરંતુ એ હિંમત ન કરી કે તે ખંદકને પાર કરીને આગળ આવી જાય. પેલી બાજુ અબૂ સુફયાન લાંબી વાટાઘાટો પછી બની કુરૈઝાને ખેંચી લાવવામાં સફળ થયો. આ તબક્કે યહૂદીઓ સાથે હુમલાખોરોના મળી જવાથી રસૂલે અકરમ (સ.) માટે મામલો વધારે સખત થઈ ગયો અને મુસલમાનો પોતાનાં સ્ત્રીઓ અને બાળકો માટે ભય અનુભવવા લાગ્યા. મુનાફિકો પણ તોફાન

કરવા લાગ્યા. અને મદીનામાં ભય ફેલાવા લાગ્યો. મુસલમાનો અને મુશરિકોના તે દિવસના વલણને અલ્લાહ તઆલાએ આ આયતમાં જણાવ્યું છે:

إِذْ جَآءُوكُم مِّن فَوْقِكُمْ وَمِنْ أَسْفَلَ مِنكُمْ وَإِذْ زَاغَتِ
الْأَبْصَارُ وَبَلَغَتِ الْقُلُوبُ الْحَنَاجِرَ وَتَظُنُّونَ بِاللَّهِ
الظُّنُونَا ﴿١٠﴾ هُنَالِكَ ابْتُلِيَ الْمُؤْمِنُونَ وَزُلْزِلُوا زِلْزَالًا
شَدِيدًا ﴿١١﴾ وَإِذْ يَقُولُ الْمُنَافِقُونَ وَالَّذِينَ فِي قُلُوبِهِم مَّرَضٌ
مَّا وَعَدَنَا اللَّهُ وَرَسُولُهُ إِلَّا غُرُورًا ﴿١٢﴾

*((તે સમયને યાદ કરો કે ) જ્યારે તેઓ તમારા પર ઊંચાણમાંથી આવ્યા તથા નીચાણ તરફથી પણ, અને જ્યારે (ભયના લીધે) તમારી આંખો નિસ્તેજ બની ગઈ હતી, અને તમારાં કાળજાં મોઢે આવી ગયાં હતાં, અને તમે અલ્લાહ માટે ખોટી કલ્પનાઓ કરવા લાગ્યા હતા. આ એ સમય હતો કે જ્યારે મોમિનોની કસોટી કરવામાં આવી, અને તેઓને ઘણી જ સખ્તાઈ સાથે હચમચાવી નાખવામાં આવ્યા હતા. અને (અય રસૂલ (સ.)! આપ એ સમયને પણ યાદ કરો કે) જ્યારે મુનાફિકો પણ કહી રહ્યા હતા અને જેમનાં દિલોમાં બીમારી હતી એ લોકો પણ કહી રહ્યા હતા , "અમને અલ્લાહે તથા તેના રસૂલ (સ.)એ ધોખો આપવા સિવાય કોઈ વાયદો નથી કર્યો.")*

(સૂરા અહ્ઝાબ, આયત–૧૦ થી ૧૨)

આ બાજુ રસૂલે અકરમ (સ.)એ પોતાની સમજદારી અને સુયોજનાથી નુએમ ઈબ્ને મસ્ઊદના વડે લાંબી વાતચીત પછી, જેની વાત અમે અહીં કરવા માંગતા નથી, કુરૈશ અને બની કુરૈઝામાં તિરાડ પાડી દીધી.

હવે કુરૈશ મુશ્કેલીમાં ફસાઈ ગયા, કેમ કે તેમના આગેવાનોને એ ભય થવા લાગ્યો કે, જો મામલો આ જ રીતે અથડામણો ઉપર ચાલતો રહેશે કે જેમનાથી તેમને કોઈ ફાયદો નહીં પહોંચે, તો તેમની આ ભીડ વિખરાઈ જશે, તે માટે, અમ્ર ઈબ્ને અબ્દે વુદ્ આગળ વધ્યો. કેટલાક ઈતિહાસકારોના જણાવ્યા મુજબ તે બદ્રે કુબરામાં શરીક થયો હતો, પરંતુ સખત રીતે ઘાયલ થવાથી ઓહદમાં શામિલ થઈ શક્યો ન હતો.

ખંદકની લડાઈના દિવસે ઈબ્ને અબ્દે વુદ્ આગળ આવ્યો. તેમ જ ઈક્રિમા ઈબ્ને અબી જહલ, હુબૈરા ઈબ્ને અબી વહબ, નૌફલ ઈબ્ને અબ્દુલ્લાહ અને ઝીરાર ઈબ્ને ખત્તાબ ઈબ્ને મિર્દાસ, પોતપોતાના ઘોડાઓ ઉપર આગળ વધ્યા કે જેથી પોતાના લશ્કરોને લડાઈ માટે પ્રેરે. તેઓ ખંદકની તરફ આગળ વધ્યા કે જેથી તેને પાર કરે અને બીજી તરફ જાય કે જ્યાં મુસલમાન એકઠા હતા. હઝરત અલી (અ.) અને મુસલમાનોનું એક જૂથ તે લોકોની સામે ખંદક ઉપર ઊભેલાં હતાં. તેથી તે લોકો થોડી વાર સુધી પોતાના ઘોડાઓને

ખંદક પસાર કરવા માટે હલાવતા રહ્યા, એટલે સુધી કે તેમને એક એવી જગ્યા મળી ગઈ કે જ્યાંથી ઘોડાઓ તેને છલાંગ મારી શકતા હતા. તેથી તેમણે તેમને કુદાવ્યા અને ખંદકને પાર કરી લીધી. હવે હઝરત અલી (અ.) આગળ વધીને તે જગ્યાએ આવી ગયા કે જેથી તે ઘોડેસવારોના સિવાય બીજો કોઈ ન આવી શકે. અમ્ર ઈબ્ને અબ્દે વુદ્ આગળ આવીને મુસલમાનોને સામનો કરવા માટે પડકારવા લાગ્યો અને એવું લાગતું હતું કે તેના શબ્દો મોતનો અવાજ હતા. કોઈએ તેનો જવાબ ન આપ્યો. જ્યારે હઝરત અલી (અ.)એ તેને અવાજ આપતો અને મુસલમાનોને ઉશ્કેરતાં સાંભળ્યો, તો આપ (અ.) તે જગ્યાએથી હટીને તરત જ રસૂલે અકરમ (સ.)ની પાસે પહોંચ્યા અને આપ (સ.)ને કહ્યું, "યા રસૂલલ્લાહ! શું તેનો મુકાબલો કરવા હું જાઉં?" આપ (સ.)એ હઝરત અલી (અ.)ને રોકતાં ફરમાવ્યું, "અય અલી! આ અમ્ર છે." તે માણસે ફરીથી મુસલમાનોને પડકાર ફેંક્યો, પરંતુ તે બધા ચૂપ હતા. હઝરત અલી (અ.)એ આગળ વધીને રસૂલે અકરમ (સ.) પાસેથી તેનો સામનો કરવાની રજા માગી. રસૂલે અકરમ (સ.)એ ફરીથી આપ (અ.)ને બેસી જવાનો હુકમ આપ્યો. આપ (અ.) માની તો ગયા, પરંતુ આપ (અ.)નું મન ઈચ્છી રહ્યું હતું કે રસૂલે અકરમ (સ.) પાસેથી રજા મેળવવાની કોઈ રીત મળી જાય તો સારું. પેલી તરફ અમ્ર ઈબ્ને અબ્દે વુદ્ મુસલમાનોને લલકારતો જતો હતો અને કહી રહ્યો હતો કે, "તમે સમજો છો કે તમારામાંથી જે કતલ થશે, તે જન્નતમાં પહોંચી જશે. તમારી જન્નત ક્યાં છે? શું તમારામાં કોઈ એવો નથી કે જે જન્નતમાં જવા ઈચ્છે?" પેલી બાજુ આવી પરિસ્થિતિ હતી અને આ બાજુ રસૂલે અકરમ (સ.) મુસલમાનો તરફ જોઈ રહ્યા હતા અને તેમને સામનો કરવા માટે પ્રેરણા આપી રહ્યા હતા, પરંતુ મુસલમાનો ભયથી ધ્રૂજી રહ્યા હતા. અમ્ર ઈબ્ને અબ્દે વુદ્ મુસલમાનોને ફરીથી લલકાર્યા અને જેમ હલ્બીયાએ પોતાની સીરતમાં અને શેખ મુફીદે ઈર્શાદમાં જણાવ્યું છે તેમ તે આ પંક્તિઓ પઢવા લાગ્યો:

ولقد بححت من النداء بجمعهم هل من مبارز

انی كذالك لم ازل متسرعا نحو الهزاهز

ان الشجاعة فی الفتی والجود من خير الغرائز

(આ ભીડને સામના માટે લલકારતાં લલકારતાં
મારું ગળું સુકાઈ ગયું છે અને હું તો આવી જ
રીતે સામનો કરવા ઝડપથી નીકળતો રહીશ.
એક જુવાનમાં બહાદુરી અને સખાવત જ તો
ઈજ્જતની ઉત્તમ નિશાનીઓ છે.)

(ક્રમશ:)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

“ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ
અને ચક્કીના વિવિધ મસાલા”

## અમારા ત્યાં બનતા ઉત્પાદનો

| ઘાણીના તેલ | મસાલા | | ↓↓↓ |
|---|---|---|---|
| સિંગ તેલ (મગફળીનું તેલ) | પ્રીમિયમ મરચું પાઉડર | રેશમપટ્ટી મરચું પાઉડર | ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય |
| સરસવ તેલ, રાયડા તેલ | હોટ તેજા મરચું પાઉડર | પ્રીમિયમ હળદળ પાઉડર | |
| તલ તેલ, કોપરેલ તેલ | પ્રીમિયમ ધાણા જીરું | ધાણા પાઉડર | |
| બ્લેન્ડેડ હેર ઓઇલ | સિંધવ નમક | નેચરલ ચા પત્તી | |
| બ્લેન્ડેડ મસાજ ઓઇલ | | | |



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

(ગતાંકનું ચાલુ)

**આપ (અ.)નાં એ ગુણો, સદ્‌ગુણો, ઉત્તમ નેકીઓ અને યોગ્યતાઓ કે જેનાથી આપ (અ.) અન્ય લોકોથી જુદા તરી આવે છે**

અબુલ હસન (ઈમામ) મૂસા (અ.) પોતાના સમયના સૌથી વધારે ઈબાદતગુઝાર હતા અને સૌથી મોટા ફકીહ હતા, આપ (અ.)ના ઉમદાપણા અને સખાવતની તોલે બીજો કોઈ આવી શકે તેમ નહોતો.

રિવાયતમાં છે કે આપ (અ.) રાતભર નાફેલા ઈબાદતોમાં વ્યસ્ત રહેતા હતા, એટલે સુધી કે ફજ્રની નમાઝનો સમય થઈ જતો. પછી, ફજ્રની નમાઝ અદા કરતા હતા અને સૂર્યોદય સુધી તાકીબાત પઢતા હતા. ત્યાર બાદ, ઝવાલના સમય સુધી સજ્દામાં જ રહેતા અને અલ્લાહની હમ્દોસના કરતા અને દુઆ માગતા. આપ (અ.)ની દુઆનો એક અંશ આ પણ છે:

અય અલ્લાહ! મારી તારાથી દરખાસ્ત છે કે મોતના સમયે મને રાહત અને આરામ આપજે અને કયામતના દિવસે મને દરગુજર કરજે.

આ દુઆને આપ (અ.) વારંવાર પઢતા રહેતા હતા. એક બીજી દુઆ કે જે આપ (અ.) પઢતા રહેતા હતા તે આ છેઃ

તારા બંદા તરફથી મોટો ગુનોહ છે; તો તું તારા તરફથી માફીરૂપી એહસાન કર.

આપ (અ.) અલ્લાહના ખોફથી એટલા બધા રડતા હતા કે આપ (અ.)ની દાઢી આંસુઓથી પલળી જતી હતી. આપ (અ.) સિલે રહમી કરવામાં સૌથી અગ્રેસર હતા. રાતના અંધકારમાં આપ (અ.) મદીનાની ગલીઓમાં ગરીબો અને ફકીરોને શોધવા નીકળતા હતા અને રોકડ રકમ, આટો, ખજૂર, વગેરે આપતા રહેતા હતા. આપ (અ.) તે કામને એટલું બધું ગુપ્ત રીતે કરતા કે તે ગરીબો, ફકીરોને એ પણ ખબર ન પડતી કે તેમની મદદ કરવાવાળો કોણ છે.

અશ્શરીફ અબૂ મોહંમદ અલ–હસન ઈબ્ને મોહંમદ ઈબ્ને યહ્યાએ પોતાના દાદા યહ્યા ઈબ્ને

હસન ઈબ્ને જાફરના હવાલાથી અને તેમણે ઈસ્માઈલ ઈબ્ને યાકૂબના હવાલાથી અને તેમણે મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ બકરીના હવાલાથી જણાવ્યું,

"હું (મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ) મદીના આવ્યો હતો કે જેથી મારું દેવું ભરપાઈ કરી શકું કે જેના માટે હું સખત ચિંતિત રહ્યા કરતો હતો. મેં મારા મનમાં વિચાર કર્યો કે મારે અબુલ હસન (ઈમામ) મૂસા (અ.)ને તે સંદર્ભમાં રજૂઆત કરવી જોઈએ. આવું વિચારીને હું આપ (અ.)ની પાસે નકમા નામની જગ્યાએ ગયો કે જ્યાં આપ (અ.)ના બગીચાઓ આવેલા હતા. ત્યાં આપ (અ.)થી મારી મુલાકાત થઈ. આપ (અ.)ની સાથે આપ (અ.)નો ખાદિમ પણ હતો. તેના હાથોમાં એક વાસણ હતું કે જેમાં ગોશ્ત હતું. તે સમયે આપ (અ.)ની સાથે કોઈ અન્ય માણસ ન હતો. મેં પણ આપ (અ.) ની સાથે એ ગોશ્ત ખાધું. ત્યાર બાદ આપ (અ.) એ ત્યાં આવવાનું કારણ પૂછ્યું. મેં મારાં વિતક કહી સંભળાવ્યાં. આ સાંભળીને આપ (અ.) અંદર જઈને ક્ષણભરમાં પાછા આવ્યા અને ખાદિમને બહાર જવાનો હુકમ આપ્યો. જ્યારે તે જતો રહ્યો, તો ઈમામ (અ.)એ હાથ મારી તરફ લંબાવ્યો. આપ (અ.)એ મને એક થેલી આપી કે જેમાં ત્રણસો દીનાર હતા. પછી આપ (અ.) ત્યાંથી જતા રહ્યા. હું પણ મારી સવારી પર પાછો જતો રહ્યો."

અશ્શરીફ અબૂ મોહંમદ અલ–હસન ઈબ્ને મોહંમદે તેમના દાદા (યહ્યા ઈબ્ને હસન)ના હવાલાથી જણાવ્યું છે કે તેઓ તેમના ઉસ્તાદના હવાલાથી કહેતા હતા કે,[1]

"ઉમર ઈબ્ને ખત્તાબના કુટુંબનો એક માણસ મદીનામાં હતો. તેની કોશિશ હતી કે અબુલ હસન (ઈમામ) મૂસા (અ.)ને તકલીફ પહોંચાડે. જ્યારે પણ તે ઈમામ (અ.)ને જોતો હતો, તો આપ (અ.) પર લાનત મોકલતો અને હઝરત અલી (અ.) પર પણ લાનત મોકલતો. એક દિવસે આપ (અ.)ના સહાબીઓ આપ (અ.)ની આસપાસ ભેગા થયા હતા. ત્યારે આપ (અ.)ને કોઈ સહાબીએ કહ્યું, "જો હુકમ આપો તો તે માણસને મારી નાખીએ, કેમ કે આ માણસ પાપી અને અપશબ્દો બોલનારો છે." આપ (અ.)એ આ પ્રસ્તાવનો સખ્તાઈપૂર્વક વિરોધ કર્યો અને સહાબીઓને ખખડાવ્યા પણ ખરા.

આપ (અ.)એ તે માણસ વિષે પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે તે મદીનાના સીમાડે રહે છે. આપ (અ.) ઘોડા ઉપર સવાર થઈને ત્યાં ગયા. તે માણસ તેના ખેતરમાં હાજર હતો. ઈમામ (અ.)ને જોઈને તે માણસે બૂમ પાડીને કહ્યું, "મારા ખેતરમાં પગ મૂકીને તેને બરબાદ ન કરજો."

તો પણ અબુલ હસન (અ.) આગળ વધતા ગયા અને તે માણસ પાસે પહોંચી ગયા. આપ (અ.)

1 આ જ રિવાયત મકાતિલે તાલિબીય્યિનમાં પણ બયાન કરવામાં આવી છે, જેના રાવી યહ્યા ઈબ્ને હસન છે.

સવારી ઉપરથી નીચે ઊતર્યા અને તે માણસની પાસે બેસી ગયા. આપ (અ.)એ તેને સલામ કરી અને સ્મિત કરતા રહ્યા.

"તમે તમારા ખેતરની ખેડ અને વાવણી પાછળ કેટલો ખર્ચ કર્યો છે?" આપ (અ.)એ પૂછ્યું.

"એક સો દીનાર." તેણે જવાબ આપ્યો.

"તમારી ફસલ તૈયાર થયા પછી તમને કેટલો નફો થવાનો અંદાજ છે?" આપ (અ.)એ પ્રશ્ન કર્યો.

"હું ન બનેલી વસ્તુઓ વિષે નથી જાણતો." તેણે જવાબ આપ્યો.

"મેં ફક્ત એટલું જ પૂછ્યું હતું કે નફા વિષે તમારું કેટલું અનુમાન છે?" ઈમામ મૂસા (અ.)એ પ્રત્યુત્તર આપ્યો.

"હું આશા રાખું છું કે મને બસો દીનાર સુધી મળી જશે." તેણે કહ્યું.

અબુલ હસન મૂસા (અ.)એ એક થેલી કાઢી કે જેમાં ત્રણસો દીનાર હતા. તેને થેલી આપતાં આપ (અ.)એ કહ્યું, "આ તમારી ફસલની કિંમત છે (જે ખેડવા–વાવવાના ખર્ચ અને ઊપજનો બદલ છે). અલ્લાહ તમને જેટલું ઈચ્છશો તેટલું આપશે."

ઉમરના કુટુંબના માણસે ઈમામ (અ.)ના માથે બોસો લીધો અને આપ (અ.)થી વિનંતી કરી કે હમણાં સુધી તેણે જે ખરાબ વર્તણૂક કરી હતી તે બદલ માફ કરજો.

આ સાંભળીને અબુલ હસન મૂસા (અ.)એ સ્મિત કર્યું અને ત્યાંથી રવાના થયા.

સાંજના સમયે જ્યારે આપ (અ.) મસ્જિદમાં ગયા, તો ત્યાં તે માણસ હાજર હતો; જ્યારે તે માણસે આપ (અ.)ને જોયા તો જોશમાં આવીને બોલ્યો, "અલ્લાહ બહેતર જાણે છે કે રિસાલતનો સાચો વારસદાર કોણ છે."

આ વાક્યો સાંભળીને લોકો અચંબિત થઈને તે માણસને પૂછવા લાગ્યા કે, "શું મામલો છે? (તમે આ શું કહી રહ્યા છો?) આજે તો તમે તમારા બોલવાની રીત જ બદલી નાખી."

તેણે કહ્યું, "મેં જે કહ્યું એ તમે બધાએ સાંભળી લીધું છે." પછી તે ઈમામ (અ.)નાં વખાણ કરવા લાગ્યો. લોકો તેની વાતને વખોડી કાઢવા લાગ્યા ને તે પણ લોકોનો વિરોધ કરવા લાગ્યો.

જ્યારે અબુલ હસન ઈમામ મૂસા (અ.) પોતાના ઘેર આવ્યા, તો ત્યાં તે સહાબીઓ ભેગા થયેલા હતા કે જેમણે તે માણસને મારી નાખવા માટે આપ (અ.)થી રજા માગી હતી. તે લોકોને જોઈને ઈમામ (અ.)એ તેમને પૂછ્યું, "તમે લોકો જણાવો કે જે રીત તમે લોકો ઈચ્છતા હતા તે બહેતર હતી કે જે રીત મેં વાપરી તે બહેતર છે? મેં મારા કાર્યથી તેની જીવનશૈલી જ બદલી નાખી."

ભરોસાપાત્ર હદીસકારો (અહલે ઈલ્મ)થી રિવાયત છે કે અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.) જ્યારે પણ મુસાફરી કરતા, તો બસો કે ત્રણસો દીનાર સાથે લઈને જતા કે જેથી તેમને

લોકોમાં વહેંચી દે. આપ (અ.)ની ખેરાત લોકોમાં પ્રખ્યાત હતી.

ઈબ્ને અમ્માર અને બીજા રાવીઓએ જણાવ્યું છે:[1]

એક વાર હારૂન રશીદ હજ માટે ગયો. જ્યારે તે મદીનાની નજીક પહોંચ્યો, તો શહેરના સન્માનનીય લોકો તેના સ્વાગત માટે ત્યાં હાજર હતા. ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.) પણ પોતાના ખચ્ચર ઉપર સવાર થઈને પોતાના ઘેરથી નીકળ્યા.

રબીએ પ્રશ્ન કર્યો, "ખરેખર! તમે આ જાનવર પર સવાર થઈને અમીરુલ મોમિનીનને મળવા જઈ રહ્યા છો?"

(રબી હારૂન રશીદનો એક ખાસ દરબાન હતો.)

"જો તમે તેના પર સવાર થઈને કોઈકને પકડવા માગશો તો પણ તમે કોઈને નહીં પકડી શકો અને જો કોઈનાથી નાસી છૂટવા માગશો તો પણ નહીં જઈ શકો."

"આ (સવારી) ઘોડાની સવારીની ભવ્યતાથી પસ્ત અને ગધેડાની સવારીની તુચ્છતાથી બુલંદ છે, (આમ પણ) સૌથી સારી બાબત મધ્યમ માર્ગને અપનાવવો જ છે." આપ (અ.)એ જવાબ આપ્યો.

જ્યારે હારૂન રશીદ મદીનામાં દાખલ થયો, તો રસૂલ (સ.)ની કબ્રની ઝિયારત કરવા ગયો. મજમો પણ તેની સાથે હતો. હારૂન રશીદ સીધો રસૂલ (સ.)ની કબ્ર પર ગયો અને કહ્યું, "અસ્સલામો અલૈકુમ, યા રસૂલલ્લાહ! અય મારા પિતરાઈ ભાઈ આપના ઉપર સલામ થાય."

તે રસૂલલ્લાહ (સ.)થી પોતાની નઝદીકી જાહેર કરીને પોતાનો મર્તબો વધારવા માગતો હતો. બરાબર એ જ સમયે અબુલ હસન ઈમામ મૂસા કાઝિમ (અ.)પણ રસૂલ (સ.)ની મુબારક કબ્રની ઝિયારત માટે પહોંચી ગયા અને સલામ કરી, "અસ્સલામો અલૈક, યા રસૂલલ્લાહ! અય મારા દાદા! આપના ઉપર સલામ થાય." આ સાંભળીને હારૂન રશીદના મોંઢાનો રંગ ઊડી ગયો અને ચહેરા પર ગુસ્સો દેખાવા લાગ્યો. (ક્રમશ:)

1 આ જ રિવાયત મકાતિલે તાલિબીય્યિનમાં પણ બયાન કરવામાં આવી છે.

*હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) થી રિવાયત કરવામાં આવી છે કે આપ (અ.) ને સવાલ કરવામાં આવ્યો કે, "શું યાકૂબ (અ.) ની ઓલાદ નબીઓ હતી?" તો આપ (અ.)એ ફરમાવ્યું કે, "ના, પરંતુ તેઓ સિબ્ત એટલે કે નબીઓની ઓલાદ હતા, અને તેઓ દુનિયાથી એવી હાલતમાં વફાત પામતા હતા કે તેઓ ખુશનસીબ થઈ જતા હતા. તેઓ જે કંઈ કાર્યો કરતા હતા તેની તોબા અને ઝિક્ર કરતા રહેતા હતા."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૪૫૩

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## અહલેકિતાબ (કિતાબવાળાઓ)નો હક

وَاَمَّا حَقُّ اَهْلِ الذِّمَّةِ فَالْحُكْمُ فِيْهِمْ اَنْ تَقْبَلَ مِنْهُمْ مَا قَبِلَ اللهُ وَتَفِى بِمَا جَعَلَ اللهُ لَهُمْ مِنْ ذِمَّتِهٖ وَعَهْدِهٖ وَتُكَلِّمَهُمْ اِلَيْهِ فِيْمَا طُلِبُوْا مِنْ اَنْفُسِهِمْ وَاُجْبِرُوْا عَلَيْهِ وَتَحْكُمَ فِيْهِمْ بِمَا حَكَمَ اللهُ بِهٖ عَلٰى نَفْسِكَ فِيْمَا جَرٰى بَيْنَكَ وَبَيْنَهُمْ مِّنْ مُعَامَلَةٍ وَلْيَكُنْ بَيْنَكَ وَبَيْنَ ظُلْمِهِمْ مِّنْ رِّعَايَةِ ذِمَّةِ اللهِ وَالْوَفَآءِ بِعَهْدِهٖ وَعَهْدِ رَسُوْلِهٖ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ حَآئِلٌ فَاِنَّهٗ بَلَغَنَا اَنَّهٗ قَالَ مَنْ ظَلَمَ مُعَاهَدًا كُنْتُ خَصْمَهٗ فَاتَّقِ اللهَ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللهِ

*પરંતુ અહલેઝિમ્મા એટલે કે ઈસ્લામની પનાહમાં રહેવાવાળાઓનો હક એ છે કે તેમની એ ચીજને કબૂલ કરી લો કે જેને ખુદાએ કબૂલ કરેલ છે અને તે અહદો પૈમાનને પૂરા કરો કે જે ખુદાએ તેમના માટે મુકર્રર કર્યા છે, અને જો તે મજબૂર હોય, અથવા તે ઈચ્છે તો તે તેમને આપો અને તેમના મામલામાં ખુદાના હુકમ પર અમલ કરો, અને તેઓ ઈસ્લામની પનાહમાં છે તેથી ખુદા અને રસૂલ (સ.)ના અહદો પૈમાનને વફા કરવા માટે એમના પર જુલ્મ ન કરો, કેમ કે અમારા સુધી વાત પહોંચી છે તેમાં ફરમાવાયું છે કે, "જેણે એ શખ્સ પર જુલ્મ કર્યો, જેનાથી અહદો પૈમાન થયો છે, તો હું તેનો દુશ્મન અને વિરોધી છું. અલ્લાહથી ડરો! ખુદાની તાકાત અને કુવ્વત સિવાય કોઈ તાકાત નથી."*

ذمّه નો અર્થ અહદો પૈમાન છે. કુરઆને મજીદમાં આવી રીતે આવ્યું છે:

لَا يَرْقُبُوْا فِيْكُمْ اِلًّا وَّلَا ذِمَّةً ؕ

*(તે કોઈ મોમિન માટે ન તો કરાબતનો ખ્યાલ રાખે છે કે ન તો કોઈ અહદો પૈમાનનું ધ્યાન રાખે છે.)*

(સૂરા તૌબા, આયત–૮)

અક્રબુલ મવારિદમાં લખેલું છે કે યહૂદી અને નસારામાંથી ઝિમ્મી એ શખ્સને કહે છે કે જે ઈસ્લામની પનાહમાં રહે છે અને મુસલમાનોથી તેનો કોલકરાર થયો છે. 'ઝિમ્મા' શબ્દ કુરઆનમાં બે વખત આવ્યો છે.

(કામૂસુલ કુરઆન, જિલ્દ–૩, સફ્હા–૨૪)

નહ્જુલ બલાગામાં ઉમ્મતના વર્ગોની બાબતમાં લખેલું છે,

"એમાંથી જિઝ્યા (વેરો) આપનારા યાની અહલેઝિમ્મામાંથી ભૂમિકર (ખરાજ) આપનારા

ગેરમુસ્લિમ અહલેકિતાબ, જેઓ આસમાની કિતાબોમાંથી કોઈ કિતાબને માનવાવાળા છે કે જેમનો કુરઆને મજીદમાં ઝિક્ર થયો છે. આ અહલેઝિમ્મા છે. કારણ કે તે બૈતુલમાલને ટૅક્સ અદા કરે છે તેથી ઈસ્લામી મુલ્કોમાં રહી શકે છે અને ઈસ્લામની પનાહ લઈ શકે છે."

ઈસ્લામી હુકૂમત એમની પાસેથી જિઝ્યો લઈને તેમનાં જાનમાલની હિફાઝત કરશે. ઈસ્લામના કાનૂન મુજબ અહલેકિતાબ પોતાના ઈખ્તેલાફોના ફેંસલા માટે એ પરિસ્થિતિમાં પોતાના આલિમોની પાસે જઈ શકે છે કે જ્યારે તેમના મસઅલા તેમની આસમાની કિતાબ સાથે સંબંધિત હોય, પરંતુ અગર ઈખ્તેલાફાત આર્થિક અથવા ખાસ હક્કોની બાબતમાં હોય, તો ઈસ્લામી કાઝીની પાસે જશે અને ઈસ્લામી કાઝી તેમના નિયત કરેલા હુકમો પ્રમાણે ફેંસલો કરશે, એવી ચીજોની બાબતમાં અહલેઝિમ્મા પોતાના આલિમોથી પણ રજૂઆત કરી શકે છે. (નહ્જુલ બલાગા, મક્તૂબ–૫૩)

**અહલેકિતાબની બાબતમાં આપણું કર્તવ્ય**

એ તો સ્પષ્ટ થઈ ગયું કે અહલેઝિમ્મા યહૂદી અને નસારા છે, પરંતુ અહલેકિતાબ છે. જોવાનું એ છે કે તેમની બાબતમાં કુરઆને આપણી શું ફરજ બયાન કરી છે.

قَاتِلُوا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَا بِالْيَوْمِ الْاٰخِرِ وَلَا يُحَرِّمُوْنَ مَا حَرَّمَ اللّٰهُ وَرَسُوْلُهٗ وَلَا يَدِيْنُوْنَ دِيْنَ الْحَقِّ مِنَ الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ حَتّٰى يُعْطُوا الْجِزْيَةَ عَنْ يَّدٍ وَّهُمْ صٰغِرُوْنَ ۝٢٩

*(જે લોકો ખુદા પર ઈમાન નથી ધરાવતા, અને ન તો એ બાબતોને હરામ સમજે છે કે જેમને ખુદા અને તેના રસૂલ (સ.)એ હરામ કરી છે, અને ન તો દીને હકને કબૂલ કરે છે, તો તેમની સાથે ત્યાં સુધી જંગ કરો કે જ્યાં સુધી તેઓ અપમાનિત થઈને પોતાના હાથે જિઝ્યો ન આપે.)*

(સૂરા તૌબા, આયત–૨૯)

વાસ્તવમાં ઈસ્લામે મુશરિકો અને મુસલમાનોની વચ્ચે અમુક અહ્કામ અને હદો નક્કી કર્યાં છે, કેમ કે અહલેકિતાબ એક આસમાની મઝહબની પૈરવી કરવાના કારણે મુસલમાનોથી અમુક બાબતોમાં મળતા આવે છે, તેથી ઈસ્લામ તેમને કતલ કરવાની પરવાનગી આપતો નથી, પરંતુ તેમને એ સૂરતમાં નજીક આવવાની ઈજાઝત છે કે જ્યારે તેઓ એક સુલેહપસંદ પરિસ્થિતિમાં મુસલમાનોની સાથે જિંદગી પસાર કરે, ઈસ્લામનો એહતેરામ કરે અને મુસલમાનોની વિરુદ્ધ કોઈ ગુપ્તકામ કરવાની કોશિશ ન કરે.

**જિઝ્યો શું છે?**

જિઝ્યો એવા માલને કહે છે કે જે ઈસ્લામી હુકૂમતમાં રહેવાવાળા ગેરમુસ્લિમો પાસેથી લેવામાં આવે છે. તેને જિઝ્યો એટલા માટે કહે છે કે તેઓ પોતાનાં જાન–માલની હિફાઝતની જઝા (બદલા) સ્વરૂપે આ માલ ઈસ્લામી હુકૂમતને આપે છે. મુફર્દાતે રાગિબથી તો આ અર્થ સમજમાં આવે છે.

(હુકૂક બૈનુલ મલલ ખુસૂસી, સફ્હા–૧૦૮)

કેટલાક લોકોનો ખ્યાલ એવો છે કે અસલમાં

આ શબ્દ અરબી નથી, પરંતુ જૂની ફારસીના શબ્દ گزیت નું અરબીકરણ છે. 'કઝીયત' એ ટૅક્સને કહે છે કે જે ફોજની સહાયતા માટે લેવામાં આવે છે, પરંતુ ઘણાબધા લોકોનો ખ્યાલ એવો છે કે આ ખાલિસ અરબી છે અને તે એવા અમનો–અમાનનો બદલો છે કે જે ઈસ્લામી હુકૂમત અલ્પસંખ્યકોને પ્રદાન કરે છે. (મુફ્રદાતે રાગિબ માદ્દોજઝી)

**જિઝ્યો ઈસ્લામના પહેલાં**

કેટલીક વ્યક્તિઓનો દૃષ્ટિકોણ એવો છે કે સૌથી પહેલાં સાસાની બાદશાહ અનૂશૈરવાંએ જિઝ્યો લીધો હતો. જો કે, તે સાબિત નથી તો પણ ઓછામાં ઓછું એટલું તો ચોક્કસ છે કે અનૂશૈરવાં પોતાની પ્રજા પાસેથી જિઝ્યો લેતો હતો, અને જે લોકોની ઉંમર વીસ વર્ષ કરતાં વધારે અને પચાસ વર્ષથી ઓછી હતી અને તેઓ હુકૂમતના સ્તંભ પણ નહોતા, તેમનામાંથી દરેક માણસ પાસેથી ૧૨ અથવા ૮ અથવા ૪ દિરહમ જિઝ્યો લેવામાં આવતો હતો.

આ ટૅક્સની ફિલૉસૉફી એમ માનવામાં આવતી હતી કે એક મુલ્ક પોતાના અસ્તિત્વનો બચાવ પોતાની મેળે કરી શકવો જોઈએ; જો કે, એ મુલ્કની તમામ વ્યક્તિઓનું કર્તવ્ય છે. આ સિલસિલામાં કેટલાક લોકો ટૅક્સ અદા કરવાના બદલે પોતે આ કર્તવ્યને અંજામ આપતા હતા અને બીજી વ્યક્તિઓ વ્યસ્ત હોવાના કારણે ફોજીઓ અને કાનૂનના રક્ષકોના ખર્ચાઓ માટે વાર્ષિક ટૅક્સ અદા કરતા હતા.

જિઝ્યો આપનારાઓની ઉંમર વીસથી પચાસ સાલ છે તે એ બાબતની સ્પષ્ટ સાબિતી છે કે જે લોકો હથિયાર ઉઠાવી શકતા હોય છે અને મશ્ગૂલ પણ ન હોય, તેઓ જિઝ્યો અદા કરવાને બદલે પોતે મુલ્ક અને કાનૂનની હિફાઝત કરે. ઈસ્લામમાં મુસલમાનો પર જિઝ્યો વાજિબ નથી; હા, જરૂરિયાતના સમયે જિહાદને બધા માટે વાજિબ કરી દીધી છે; જો કે, જે મઝહબના લોકો લઘુમતિમાં છે તેમના પર જિહાદ માફ છે, એટલા માટે તેમણે જિઝ્યો અદા કરવાનો હોય છે.

એવી જ રીતે લઘુમતિ મઝહબનાં છોકરાઓ, સ્ત્રીઓ, વૃદ્ધો અને આંધળાઓ પર પણ જિહાદ માફ છે. અગાઉના બયાનથી એ બાબત સ્પષ્ટ થાય છે કે જિઝ્યો માત્ર એક આર્થિક મદદ છે કે જે એક અહલેકિતાબ મુસલમાન હુકૂમતને પોતાનાં જાનમાલની સુરક્ષાના બદલામાં અદા કરે છે.

(તફ્સીરે નમૂના, જિલ્દ–૭, સફ્હા–૩૫૬)

અફસોસની વાત છે કે લોકોએ જિઝ્યાની ફિલૉસૉફી તરફ ધ્યાન આપ્યું નથી અને એની હકીકતને સમજી નથી કે જ્યારે અહલેકિતાબ ઝિમ્માની સૂરતમાં હોય છે તો એ વખતે ઈસ્લામી હુકૂમતની એ જવાબદારી હોય છે કે તે દરેક રીતે એની સુરક્ષા કરે. આ સુરક્ષા ઉપરાંત તેમને જંગના મેદાનમાં જવાની અને બચાવની જવાબદારીઓથી પણ બાકાત રાખવામાં આવે છે. હકીકતમાં અહલેકિતાબ આ થોડોક કર અદા કરીને ઈસ્લામી હુકૂમતનું સંપૂર્ણ ધ્યાન પ્રાપ્ત કરે છે. (ક્રમશઃ)

# જાફરી મશાયખી ટૂર ઓપરેટર્સ એસોસિએશન
## સભ્ય લીસ્ટ

નીચે જાફરી મશાયખી ટૂર ઓપરેટર્સ અસોસિએશનના સભ્યોનું લીસ્ટ આપેલ છે,
તો શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના મોમિનોએ ઉમરા-ઝિયારત માટે
નીચે આપેલા ટૂર ઓપરેટર્સ સાથે જ જોડાવું.

| SR NO. | NAME | CONTACT NUMBER | ADDRESS |
|---|---|---|---|
| 1 | MEHER TOUR (ISMAILBHAI NURBHANEJ) | 94263 43907 | ILOL |
| 2 | VAFADAR TOUR (JAFARBHAI BHATT) | 99988 97720 | JETHIPURA |
| 3 | ZAHEER TOUR (MASOOMBHAI) | 94276 83930 | KESIMPA |
| 4 | FAIZ-AL-IMAN TOUR (SADIKBHAI FATTEH) | 98204 91740 | PIROJPURA |
| 5 | SIFAT TOUR (ABBASBHAI MUKHI) | 98987 02477 | KHADIYASANA |
| 6 | AL-IMAAN TOUR (MOHAMMADHUSAIN BHURA) | 98795 58670 | ILOL |
| 7 | AN NAJM TOUR (MANJURHUSAIN SELIYA (BHURA)) | 98333 25099 | KAKOSHI |
| 8 | ZAINAB TOUR (MANJURHUSAIN MOMIN) | 99984 69211 | SATHAL |
| 9 | AL-MUSA TOUR (SHABBIRBHAI SUTHAR) | 99258 98382 | KESIMPA |
| 10 | AL FURAT TOUR (AHMADABBAS CHUDIYA) | 97240 14715 | KAKOSHI |
| 11 | ALAMDAR TOUR (BAKARALI BHATT) | 99988 22121 | JETHIPURA |
| 12 | KHIDMAAT TOUR (IMTIYAZALI VIJAPURA) | 99989 69440 | JETHIPURA |
| 13 | AAFIYAT TOUR (AKBARBHAI GANI) | 99043 60449 | BADARPUR |
| 14 | AL HUSSAINI TOUR (HASANALI PANYA) | 9824968960 | MOLIPUR |
| 15 | MANOHAR TOUR (ABIDALI BHURA) | 97125 62180 | ILOL |
| 16 | AMIN TOUR (MOHAMMADBHAI DHARKHAD) | 99790 28530 | BADARPUR |
| 17 | AAMIR TOUR (HASANBHAI PALSANIYA) | 79843 17588 | RASULPUR |
| 18 | ALAWI TOUR (SADIKBHAI MUKHI) | 98254 11440 | KHADIYASANA |
| 19 | ZABOOR TOUR (HASANALI ZABOOR) | 93248 18041 | KHADIYASANA |
| 20 | AZADAR TOUR (ABBASALI SALEMA) | 94285 85392 | HARIPURA |
| 21 | AL MUNTAZIR TOUR (NAJARMOHAMMAD PATEL) | 99252 25440 | KANAI |

# તહ્ઝીબુલ ઇસ્લામ

تهذيب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

### પ્રકરણ–૨

### પુરુષો અને સ્ત્રીઓએ ઘરેણાં પહેરવાં, સૂરમો લગાવવો, આઈનામાં જોવું અને ખિઝાબ લગાવવાના આદાબ

**(૧૧) સ્ત્રી અને પુરુષો માટે ખિઝાબ કરવાની ફઝીલત**

પુરુષો માટે માથા અને દાઢીનો ખિઝાબ કરવો સુન્નત છે અને સ્ત્રીઓ માટે માથાના વાળનો ખિઝાબ અને હાથપગમાં મેંદી લગાવવી.

પુરુષો માટે હાથપગમાં મેંદી લગાવવી મકરૂહ છે, પરંતુ નૂરો (વાળ કાઢવા માટેનો પાવડર) લગાવ્યા પછી આખા શરીર પર એટલી મેંદી લગાવવી યોગ્ય છે કે જેનાથી નખનો રંગ લાલશ પડતો થઈ જાય, તેથી મોઅતબર સનદથી રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે ચાર વસ્તુઓ પયગમ્બરોની સુન્નત છે. (૧) ખુશબૂ લગાવવી (૨) સ્ત્રીઓથી સંવનન કરવું (૩) મિસ્વાક કરવું (૪) મેંદીનો ખિઝાબ કરવો અને (આખા શરીર પર) મેંદી ચોપડવી.

બીજી હદીસમાં આંહઝરત (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “એક દિરહમ કે જે ખિઝાબમાં ખર્ચ થાય, એ હજાર દિરહમોથી બહેતર છે, જે બીજી રીતે ખર્ચ કરવામાં આવે.”

ખિઝાબના ૧૪ ફાયદા છે. કાનોની નબળાઈ દૂર કરે છે. આંખની રોશની વધે છે. નાકનો સુકારો દૂર થાય છે. મોઢામાં ખુશબૂ પેદા થાય છે. દાંતનાં પેઢાં મજબૂત થાય છે. બગલની વાસ દૂર થાય છે. શયતાની વસવસાઓ ઓછા થઈ જાય છે, ફરિશ્તાઓ ખુશ થાય છે. મોમિનો ખુશ થાય છે. કાફિરો બળે છે. શણગારનો શણગાર છે અને ખુશબૂની ખુશબૂ. કબ્રના અઝાબથી મુક્તિ મળે છે અને મુન્કીરો–નકીર શરમાઈ જાય છે.

એક બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, “પોતાના સફેદ વાળ રંગી લો અને યહૂદીઓ જેવા ન બનો.” હસન ઈબ્ને જુહૈમ કહે છે કે, “હું હઝરત ઈમામ રઝા (અ.)ની સેવામાં ગયો. જોયું કે એ હઝરતે પોતાની દાઢી મુબારક ખિઝાબથી કાળી રંગી છે. મને ફરમાવ્યું કે, “ખિઝાબ કરવાનો ઘણો મોટો સવાબ છે. ખાસ કરીને પુરુષોએ દાઢીને કાળી રંગવી સ્ત્રીઓની વધારે પવિત્રતાનું કારણ બને

છે. ઘણીખરી સ્ત્રીઓ ફકત આ કારણે પવિત્રતાથી દૂર થઈ જાય છે કે એમના પતિ ખિઝાબ, વગેરેથી એમના માટે શણગાર કરતા નથી." મેં અરજ કરી કે, "અમે તો એવું સાંભળ્યું છે કે મેંદીથી વાળ જલ્દી સફેદ થઈ જાય છે." હઝરતે ફરમાવ્યું, "નહીં, પરંતુ વગર મેંદીએ પોતાની મેળે જ જલ્દીથી સફેદ થઈ જાય છે.""

એક હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે કોઈ માણસ હઝરત રસૂલે ખુદા (સ.)ની સેવામાં આવ્યો. આંહઝરત (સ.)એ જોયું કે તેની દાઢીમાં કેટલાક વાળ સફેદ છે. ફરમાવ્યું કે, "આ સફેદ વાળ નૂર છે." પછી ફરમાવ્યું કે, "મુસલમાનોમાંથી કોઈ વ્યકિતની દાઢીમાં એક વાળ પણ સફેદ હશે, તો તે કયામતના દિવસે તેના માટે એક નૂર હશે."

પછી તે માણસ મેંદીથી ખિઝાબ કરીને આપ (સ.)ની પાસે આવ્યો. ઈર્શાદ ફરમાવ્યો કે, "હવે નૂરનું નૂર છે અને ઈસ્લામનો ઈસ્લામ." પછી તે માણસ ચાલ્યો ગયો અને કાળો ખિઝાબ કરીને આવ્યો. તો હઝરતે ફરમાવ્યું કે, "હવે નૂર પણ છે અને ઈસ્લામ પણ છે, ઈમાન પણ છે. સ્ત્રીઓની મોહબ્બતના વધારાનું પણ કારણ છે અને કાફિરોને ડરાવવાનું અને એમને ભયભીત કરવાનું સાધન પણ છે."

મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે એક ટોળું હઝરત ઈમામ હુસૈન (અ.)ની સેવામાં હાજર થયું. જોયું કે એ હઝરતે કાળો ખિઝાબ કર્યો છે. એમણે એ વિષે હઝરતથી કેટલાક સવાલ કર્યા. આપ (અ.)એ દાઢી મુબારક પર હાથ રાખીને ઈર્શાદ ફરમાવ્યો કે, "રસૂલે ખુદા (સ.)એ કોઈ લડાઈમાં મુસલમાનોને હુકમ આપ્યો હતો કે તે કાળો ખિઝાબ કરે, જેથી કાફિરો પર પ્રભુત્વ મેળવે."

હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે કોઈએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે, "શું માથાનો અને દાઢીનો ખિઝાબ કરવો સુન્નત છે?" આપ (અ.)એ ફરમાવ્યું, "હા, પરંતુ અમીરુલ મોમિનીન (અ.) આ કારણથી ખિઝાબ નહોતા કરતા કે રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું હતું કે, "અય અલી! તમારી દાઢીના વાળ તમારા માથાના ખૂનથી ખિઝાબ થશે." આપ (અ.) એ જ ખિઝાબની રાહ જોતા રહ્યા, પરંતુ હઝરત ઈમામ હુસૈન (અ.) અને હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) બન્ને ખિઝાબ કરતા હતા."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે હઝરત અમીરુલ મોમિનીન (અ.)એ ફરમાવ્યું કે, "હું ખિઝાબ એ કારણે કરતો નથી કે હજુ સુધી હું રસૂલે ખુદા (સ.)ની મુસીબતનો સોગવાર છું." મોટા ભાગની હદીસોમાં નકલ કરવામાં આવ્યું છે કે હઝરત રસૂલે ખુદા (સ.) ખિઝાબ કરતા હતા. મોઅતબર હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ એક માણસને હમામમાંથી નીકળતો જોયો કે જેના હાથોમાં મેંદી લાગેલી હતી. હઝરતે ઈર્શાદ ફરમાવ્યો, "શું તું ઈચ્છે

છે કે ખુદા તને આવી રીતે જ કબ્રમાંથી ઉઠાડે?" અરજ કરી, "ના, પરંતુ ખુદાની કસમ, મેં હદીસથી સાંભળ્યું છે કે જે વ્યક્તિ હમામમાં જાય, જરૂર છે કે હમામમાં જવાની કોઈ નિશાની તેનામાં મળવા પામે અને મેં તેને મારી દૃષ્ટિએ મેંદીને સમજી છે." હઝરતે ફરમાવ્યું, "તું ખોટું સમજ્યો છે. તેનાથી મુરાદ એ છે કે જે વ્યક્તિ હમામમાં જઈને સહીસલામત ચાલ્યો આવે, તો બે રકાત નમાઝ એ નેઅમતના શુક્રાનાની પઢે. આ હમામમાં જઈને આવવાની નિશાની છે."

હદીસે હસનમાં નકલ કરવામાં આવ્યું છે કે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઈર્શાદ ફરમાવ્યો કે, "જે જે ખરાબ નિશાનીઓ આખર જમાનામાં જાહેર થશે, એમાં એક આ પણ છે કે બની અબ્બાસના પુરુષોમાં સ્ત્રીઓની વાતો જોવા મળશે, એટલે કે તેઓ હાથ અને પગોમાં મેંદી લગાવ્યા કરશે અને સ્ત્રીઓની માફક કંઘી–પટ્ટી કર્યા કરશે."

મોઅતબર હદીસમાં એ જ હઝરતથી નકલ કરવામાં આવ્યું છે કે હમામમાં ખુલૂક (એક જાતની ખુશબૂ કે જે જાફરાનની સાથે મળેલી હોય છે અને તેનો રંગ શરીર પર બાકી રહે છે) હાથપગમાં લગાવવામાં કોઈ વાંધો નથી, એ શરતે કે કોઈ દવાના કારણે જે વાસ હાથપગમાં રહી ગઈ હોય તેને દૂર કરવા માટે ચોપડવામાં આવે, પરંતુ અમને તેનો કાયમી ઉપયોગ પસંદ નથી.

બીજી હદીસમાં અબી સબ્બાથી નકલ કરવામાં આવ્યું છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) ના હાથ મુબારકમાં મેંદીની અસર જોઈ, એટલે એવો આછો રંગ જે કોઈ દવા લગાવવાના પછી મેંદી ચોપડવાથી રહી જાય છે.


મોઅતબર હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "સ્ત્રીનો હાથ રંગથી ખાલી ન રહેવો જોઈએ. જો કે તે ઘરડી કેમ ન થઈ ગઈ હોય. ભલે ને મેંદીનો જ રંગ કેમ ન હોય!"

આ પણ ઈર્શાદ ફરમાવ્યો છે કે, "હઝરત રસૂલે ખુદા (સ.)એ બધી જ સ્ત્રીઓને મેંદી લગાવવાનો હુકમ આપ્યો છે, પછી તે સુહાગન હોય કે બેવા હોય.

સુહાગનો માટે યોગ્ય છે કે પતિઓ માટે શણગાર સજવાની નિય્યતથી લગાવે. અને વિધવાઓ એ નિય્યતથી કે તેમના હાથ પુરુષોના હાથ જેવા ન લાગે."

**ગડમથલ નં.૩૮૭નો ઉકેલ**

**<u>આડી ચાવીઓ:</u>** (૧) ફરમાન (૪) શુતુરમુર્ગ (૭) દહર (૮) રાહત (૯) લબન (૧૧) તકાઝા (૧૩) કા'બા (૧૪) સબીલ (૧૫) સિદરા (૧૭) ખુદ (૧૮) બદન (૨૦) સગીર (૨૨) કાફ (૨૪) ગમ (૨૬) રસન (૨૮) આમદ (૨૯) રહમ (૩૦) દમદાર (૩૧) ઝલઝલા (૩૨) સીના **<u>ઊભી ચાવીઓ:</u>** (૧) ફઝીહત (૨) માદરઝાદ (૩) નહર (૫) તુરાબ (૬) રહનસહન (૯) લબાલબ (૧૦) મલમ (૧૨) કાસિદ (૧૬) રાહગીર (૧૭) ખુદગરઝ (૧૯) દર (૨૧) રસદ (૨૨) કામ (૨૩) ફદક (૨૫) મહલ (૨૭) નમક (૨૮) આરસી


EVOLVING SPACES
YASAAR
DESIGN STUDIO
AR. ABIDALI M NANDOLIYA
MO.: +91 8128 846 005
SERVICES WE PROVIDE:
INSTITUTIONAL / HOTELS | RESIDENTIALS
COMMERCIALS | RECREATIONAL PROJECTS
CREATIVE DESIGN
SOLUTION IN
ARCHITECTURE / INTERIOR DESIGN
SHOP NO: F7, PARMUKH PALAZA 2,
TAVADIYA SQUARE,
OPP. SIDDHARTH HOTEL,
SIDDHPUR, GUJARAT 38415.
SINCE - 2014
ER. TALIBALI M NANDOLIYA
MO.: 9978982412
AL GHADEER CONSTRUCTION
BUILD YOUR DREAM PROJECT WITH US
KAKOSHI
10 YEARS
OF EXPERENCE
with 500000+ Sq. Ft. Done
HAIDERPURA, MASJID
COMMERCIAL
SPECIALIZED IN THE CONSTRUCTION OF
CHALLENGING WORK
SERVICES:
STRUCTURAL CONSULTANT
CONSULTING ENGINEER
WITH MATERIAL PROJECT
LABOR CONTRACT
ALL SERVICES RELATED TO R.C.C ,
AND CONSTRUCTION
BAUG-E-ZAHRA, KAKOSHI
OUR BRANDS
YASAAR
BUILD CON
AL GHADEER
CONSTRUCTION
YASAAR DESIGN
STUDIO

# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર    અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

### વિભાગ–૧

### ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

#### પુરુષ અને સ્ત્રી

કુરઆન જ્યારે માણસને સંબોધે છે, તો મોટાભાગે અરબી શબ્દ 'ઈન્સાન' અથવા 'બશર' પ્રયોજે છે. આ બન્ને શબ્દો 'મનુષ્યજાત'ના અર્થમાં વપરાયા છે, ન કે 'પુરુષ જાતિ'ના અર્થમાં. તેથી, 'માણસ'ને સંબોધતા કુરઆનના સઘળા હુકમો હકીકતમાં તો પુરુષ અને સ્ત્રી બન્નેને સમાન રીતે સંબોધે છે. વધુમાં, કુરઆનની કેટલીક એવી આયતો જરૂર છે, જે સ્પષ્ટ રીતે પુરુષ અને સ્ત્રી એમ બન્ને જાતિઓને અલગ–અલગ સંબોધે છે; જેમ કે, આ આયત, "મુસલમાન પુરુષો અને મુસલમાન સ્ત્રીઓ, મોમિન પુરુષો અને મોમિના સ્ત્રીઓ, ફરમાબરદાર પુરુષો અને ફરમાબરદાર સ્ત્રીઓ..."[1]

એ બાબતને સમજવી અગત્યની છે કે પશ્ચિમી દુનિયામાં, ખાસ કરીને અમેરિકામાં, ચાલી રહેલ આધુનિક ચળવળે કોશિશ કરી છે કે પુરષ અને સ્ત્રી બન્નેમાં માત્રાત્મક (મૂળભૂત તફાવતોને અવગણીને માપવાલાયક માપદંડોમાં) સમાનતા પેદા કરે, એવી રીતે કે જાણે બન્નેમાં કોઈ ફરક જ નથી. ઈસ્લામ પુરુષો અને સ્ત્રીઓને એકબીજાનાં પૂરક ગણાવે છે. સાથેસાથે ઈસ્લામ તેમને મૂળભૂત અથવા છેવટના અર્થમાં સમાન તરીકે જુએ છે, કે જેને અમર નફ્સ આપવામાં આવ્યો છે, અને તેથી, શકયતા રહેલી છે કે મૃત્યુ પછી તે જન્નતની ખુશીઓ હાસિલ કરે, અથવા અલ્લાહની મરજી (હુકમો)ની નાફરમાની કરવાના કારણે દોઝખી પરિસ્થિતિઓની સજા ભોગવે. પુરુષ અને સ્ત્રી બન્ને માટે ઈસ્લામી અધિકારો સમાન જ છે, સિવાય કે સ્ત્રીઓની મેન્સ્ટ્રુઅલ સાઈકલ (માસિક સ્ત્રાવ) દરમિયાન તેઓને નમાઝ, રોઝા કે હજ પઢવાની પરવાનગી નથી.

વધુમાં, નફ્સની અમરતા, આખેરતની ખુશખબરી અને ચેતવણી, અને મનુષ્યની છેવટની

1 સૂરા અહ્ઝાબ, આયત–૩૫

પરિસ્થિતિ, વગેરે તમામ બાબતો પુરુષ અને સ્ત્રી બન્ને માટી સરખી છે. જ્યારે કે, જાતિઓ વચ્ચેનો ફરક કેવળ બાહ્ય સામાજિક ક્રિયાઓમાં જ છે, જેમાં ઈસ્લામ તેમને માત્રાત્મક સમાનતાની નજરે જોવા કરતાં એકબીજાનાં પૂરકની નજરે જુએ છે. પશ્ચિમી લોકો દ્વારા ઈસ્લામમાં સ્ત્રીઓની ભૂમિકા પર ઘણી વાર કરવામાં આવતી ટીકાનો આધાર સૌપ્રથમ તો ઈસ્લામી દુનિયામાં અત્યારની પશ્ચિમી ફેશન્સને લાગુ કરવા પર છે. પશ્ચિમે પોતે પાછલાં પચાસ વર્ષમાં આ વિષય પર પોતાનો નજરિયો ઘણી હદ સુધી બદલ્યો છે, પાછલાં બસો વર્ષની તો વાત જ છોડો. તેથી, કોઈ કારણ નથી કે ઈસ્લામે પોતાનું સામાજિક માળખું બદલીને ૨૦૯૦ના અમેરિકા જેવું કરવું જોઈએ. કારણ કે ૨૦૯૦નું અમેરિકા ૧૯૯૦થી બિલકુલ જુદું હશે, જેવી રીતે કે ૧૮૯૦ કરતાં ૧૯૯૦માં તે સાવ જુદું હતું. બીજું એ કે, તે બાબત ધ્યાનમાં લેવી જરૂરી છે કે ઈસ્લામને પણ, દરેક ધર્મની જેમ, એ સમાજનું સામાજિક માળખું ધ્યાનમાં લેવું જરૂરી હતું, જેમાં તે ફેલાવાનો હતો. જો કે, હકીકત તો એ છે કે ઉત્તરમાં રહેનારા સ્થાયી જીવન જીવનારા બાઈઝન્ટાઈન કે પર્શિયન સમાજ કરતાં, જેમાં ઈસ્લામ ફેલાયો તે અરબના પ્રારંભિક સિમટિક ખાનાબદોશ સમાજમાં પુરુષ–સ્ત્રી સંબંધોના મામલામાં વધુ ગતિશીલતા હતી. અને આ હકીકત તે સામાજિક સંબંધોમાં ધીરે ધીરે થતા ફેરફારોમાં ઝળકે છે, જ્યારે આ ઉત્તરીય સમાજો પાછળથી વધુ ઈસ્લામી બન્યા.

ઈસ્લામના ઈતિહાસ દરમિયાન સ્ત્રીઓના રાજકીય અને આર્થિક ક્ષેત્રે ભાગીદારીના પ્રશ્નનો તેમ જ આ પ્રકારના અન્ય પ્રશ્નોનો અભ્યાસ ન કેવળ કુરઆનની રોશનીમાં, બલ્કે પ્રવર્તિત સામાજિક માળખાઓને ધ્યાનમાં લઈને પણ થવો જોઈએ. આ વાસ્તવિકતા હિજાબના મામલામાં પણ સાચી ઠરે છે. પ્રારંભિક ઈસ્લામી સમાજમાં હિજાબ વાળને, તેમ જ શરીરને ઢાંકવાથી સંબંધિત મામલો હતો, પરંતુ ચહેરાને નહીં. પાછળથી સ્થાનિક પ્રથાઓ ઈસ્લામી પ્રથાઓ સાથે ભળી જવાના કારણે આંખો સિવાયના આખા ચહેરાને પણ હિજાબમાં આવરી લેવામાં આવ્યો, અને આ બાબત ઈસ્લામી દુનિયાના અન્ય ભાગોમાં પણ પ્રસરી. આજે ઈસ્લામી દુનિયાના વિવિધ દેશો અને કેટલાક ગામડાંના વિસ્તારોમાં, સ્ત્રીના શરીર અને ચહેરાને ઢાંકવા માટેનો હિજાબ મુખ્ય ઈસ્લામી શહેરો કરતાં અલગ છે.

આ અત્યંત જટિલ મામલામાં, સામાજિક રિવાજો અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મૂળભૂત ઈસ્લામી ઉપદેશો તરફ ધ્યાન આપવું ખૂબ જ અગત્યનું છે કે જેની ઈસ્લામે કાળજી લીધી છે. અને બીજી તરફ પાછલી સદી દરમિયાન પશ્ચિમી સમાજ પર જેનું પ્રભુત્વ રહ્યું છે તે સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધોની સતત બદલાતી રહેતી પ્રણાલીને પણ ધ્યાન પર લેવી જરૂરી છે. પશ્ચિમમાં આવેલા

આ બદલાવોને કોઈ પણ પરિસ્થિતિમાં મુસલમાનો દ્વારા ઈસ્લામી સમાજમાં ચાલતી કોઈ ચોક્કસ પ્રથાઓ માટે સારાઈ અને બુરાઈ માટેના માપદંડ તરીકે સ્વીકારવા યોગ્ય નથી. જે બાબતને સમજવી મહત્ત્વની છે તે એ છે કે ઈસ્લામી દૃષ્ટિકોણ મુજબ પુરુષ અને સ્ત્રી બન્ને અલ્લાહની નજરમાં સમાન છે, (એ રીતે કે) નજાતની તેમની પાસે સમાન તકો ઉપલબ્ધ છે, તેમની નૈતિક અને રૂહાની જવાબદારી સમાન છે, અને રૂહાની તથા દીની અર્થમાં તેમની પાસે સમાન સ્વતંત્રતા અને અધિકારો છે.

સ્ત્રીઓ પાસે કેટલાક સ્તરે સમાન આર્થિક કે સામાજિક અધિકારો ન હોવાનો એ અર્થ નથી કે તેઓની પાસે કોઈ અધિકારો જ નથી. તેનો અર્થ એ છે કે ઈસ્લામ સ્ત્રીઓ માટે પ્રવૃત્તિમય રહેવાના દરવાજાને સંપૂર્ણ રીતે બંધ કર્યા વિના પુરુષો અને સ્ત્રીઓની ભૂમિકાને એકબીજાની પૂરક તરીકે જુએ છે. જેમ કે, આર્થિક ક્ષેત્રે સ્ત્રીઓ હંમેશાં પ્રવૃત્ત રહી છે. રસૂલલ્લાહ (સ.)નાં સૌથી પહેલાં ઝૌજા હઝરત બીબી ખદીજા (અ.) પણ એક તાજિરા (વેપારી) હતાં. તેનો અર્થ એ પણ નથી કે સ્ત્રીઓનો ઈલ્મ હાસિલ કરવા માટેનો દરવાજો બંધ છે. આ સંદર્ભમાં એ બાબત યાદ રાખવા જેવી છે કે હદીસના શરૂઆતના રાવીઓમાં કેટલીક સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. વિતેલી સદીઓમાં ક્યાંક ક્યાંક જ મુસ્લિમ વિદ્વાન સ્ત્રીઓ થઈ છે — એ હકીકતને ઈસ્લામી ઉપદેશો સાથે કંઈ લેવાદેવા નથી. કારણ કે આ પ્રકારની પરિસ્થિતિ તો ઈસાઈ, યહૂદી, હિન્દુ, કે બૌદ્ધ મઝહબની સંસ્કૃતિમાં પણ જોવા મળે છે, બલ્કે તેમાં તો વિદ્વાન સ્ત્રીઓની સંખ્યા ઈસ્લામ જેટલી પણ નથી રહી.

આ મામલાનો સૌથી મહત્ત્વનો સમજવાલાયક મુદ્દો એ છે કે ઈસ્લામ આખીય માનવજાતને સંબોધે છે, ન કેવળ પુરુષજાતને. જો કે, શક્ય છે કે તેના ઉપદેશો બાહ્ય રીતે પિતૃસત્તાક કે પુરુષ કેન્દ્રિત લાગતા હોય, છતાંય તેમાં એક મજબૂત સ્ત્રીતત્ત્વ પણ મોજૂદ જ હોય છે. અને આ તત્ત્વ એવું નથી કે કેવળ બુલંદ સ્તરે જ મોજૂદ હોય, કે જ્યાં ઈલાહિય્યતને કેટલીક વાર સ્ત્રીવાચક તેમ જ પુરુષવાચક એમ બન્ને જાતિ વડે બયાન કરવામાં આવે છે; અને ન કેવળ અસ્માએ ઈલાહીમાં જોવા મળે છે કે જે જમાલ, સૌમ્યતા, અને રહમત જેવી સ્ત્રીવાચક ખાસિયતોને જાહેર કરે છે, પરંતુ આ સિવાય મનુષ્યજાતની પરિસ્થિતિઓના વર્ણનમાં પણ જોવા મળે છે કે જ્યાં સ્ત્રીઓને પુરુષોની માફક એક હકારાત્મક કિરદાર આપવામાં આવ્યો છે.

સદીઓથી ઈસ્લામી સમાજે પરિવારની રચના પર ખૂબ ભાર મૂક્યો છે, પારિવારિક જીવનના દીની મહત્ત્વને જાળવી રાખ્યું છે અને સમગ્ર ઈસ્લામી સમાજનો મૂળભૂત એકમ પરિવારને બનાવીને તેની રચના કરી છે. આ બાબતો દર્શાવે છે કે ઈસ્લામે પુરુષ અને સ્ત્રીના સંબંધો પર અને ઈસ્લામી

સમાજમાં સ્ત્રીઓના મહત્ત્વ પર કેટલો મોટો ભાર મૂક્યો છે. વધુમાં, ઈસ્લામી પરિવારમાં સ્ત્રીએ હંમેશાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ઈસ્લામે ચૌદમી/વીસમી સદીના પશ્ચિમમાં અને પૂર્વના કેટલાક ભાગોમાં જોવા મળે છે તેમ મોટી સંખ્યામાં મહિલા વકીલો, અર્થશાસ્ત્રીઓ કે ડૉક્ટરો પેદા નથી કર્યા તે હકીકતને ઈસ્લામ દ્વારા સ્ત્રીઓની ભૂમિકા અને કામગીરીને કથિત રીતે દબાવી દેવાયા હોવાની બાબત સાથે બહુ ઓછી લેવાદેવા છે. જેમ કે, અગાઉ ઉલ્લેખ થઈ ગયો છે તેમ, અન્ય સભ્યતાઓ કે જેમાં ઈસ્લામ પ્રભાવશાળી ધર્મ નથી, તેમણે પણ વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રે કંઈ ખરેખર ઈસ્લામ કરતાં વધારે સ્ત્રીઓ પેદા નથી કરી, અને આ વાસ્તવિકતાનું કારણ ઈસ્લામ ધર્મના માળખામાં શોધવા કરતાં બીજે ક્યાંક શોધવું જોઈએ.

માનવ સંબંધિત પ્રશ્નના નિષ્કર્ષ પર પહોંચવા માટે એ યાદ રાખવું મહત્ત્વનું છે કે ઈસ્લામ — કારણ કે તે તમામ ક્ષેત્રોમાં એકત્વ લાવવાનો પ્રયત્ન કરે છે તે — વિનાશક સ્પર્ધા અને ટકરાવને ટાળવાનો પણ પ્રયત્ન કરે છે, ભલે તે વિવિધ જાતિઓ વચ્ચે હોય કે માનવસમાજના વિવિધ વર્ગો વચ્ચે. ઈસ્લામ તેરમી/ઓગણીસમી સદીના માર્ક્સવાદી અર્થ પ્રમાણેના વર્ગવિરોધનો વિરોધ કરે છે અને ઈસ્લામ લિંગવાદ અથવા જાતિઓ વચ્ચેની લડતનો પણ વિરોધ કરે છે જે આ સદીમાં દુનિયાના વિવિધ ભાગોમાં પ્રચલિત બની છે. ઈસ્લામ આખીય માનવાવસ્થાને તેના પુરુષ અને સ્ત્રી બન્ને સ્વરૂપોમાં સંતુલિત કરવા તેમ જ માનવસમાજને તેમાં વસતા વિવિધ પ્રકારના મનુષ્યો સાથે સુસંગત બનાવવા માટે પ્રયત્ન કરે છે. ઈસ્લામ જાતિવાદના પ્રબળ વિરોધમાં રહ્યો છે તેમ જ કેટલાક પરંપરાગત સમાજોમાં જોવા મળતાં સંપૂર્ણપણે વર્ણવાદી માળખાંના પણ વિરોધમાં રહ્યો છે.

ઈસ્લામ જાણે કે પરિણીત સંન્યાસીઓનો સમાજ છે, જેમાં દરેક માણસ સીધો અલ્લાહથી જવાબદારી ઉઠાવનારો હોય છે, અને (તે આવી રીતે) દીનના મામલાઓમાં ભાગીદાર હોય છે, પણ દુનિયાથી છેડો ફાડીને નહીં, પરંતુ તેમાં ભાગ લઈને (એટલે કે તેમાં રહેલી પોતાની જવાબદારીઓને નિભાવીને), અને નિકાહની જવાબદારી જેવી બહુવિધ જવાબદારીઓ નિભાવીને. ઈસ્લામમમાં નિકાહ પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે, અને ઈસ્લામી સમાજમાં પુરુષો અને સ્ત્રીઓ પર નિકાહ કરવા માટે (એક વિશેષ) દબાણ જોવામાં આવે છે. ઈસ્લામી સમાજ એવો છે જ્યાં અપરિણીતતા ભાગ્યે જ જોવા મળે છે, અને તેમાં વ્યક્તિઓ — પછી તે પુરુષ હોય કે સ્ત્રી — મોટાભાગે વિવિધ વૈવાહિક સંબંધો વડે એક મોટા પારિવારિક માળખા સાથે વણાયેલી હોય છે, જે સમાજને નાના–નાના ભાગોમાં વિભાજિત થઈ જવાથી બચાવીને રાખે છે. આ સઘળી બાબતો માનવજાત વિષેની ઈસ્લામી સમજણથી સંબંધિત છે, જે ખલીફા

તરીકેના તેના અલ્લાહ સાથેના સંબંધ પર આધારિત છે. ઈસ્લામ સ્ત્રીઓ અને પુરુષોને એવી વ્યક્તિઓ તરીકે જુએ છે જે સંબંધોના એક વિશાળ જાળ સાથે સંકળાયેલી હોય, અને જે પોતાના તમામ પેચીદા તથા વૈવિધ્યપૂર્ણ સંબંધો છતાંય વહદતમાં જોડાયેલી હોય, અને અલ્લાહની વહદાનિયતને પ્રતિબિંબિત કરતી હોય. એકબીજા સાથે સંબંધો પણ ખરેખર તોહીદનો એક પડઘો અને છબી છે જે ઈસ્લામી માનવસમાજની વિવિધતામાં ઝળકે છે.

ઈસ્લામ ન કેવળ વ્યક્તિગત જીવનને પવિત્ર (મુકદ્દસ) બનાવે છે, પરંતુ સામાજિક ઢાંચાને પણ પવિત્ર કરવાની કોશિશ કરે છે, સમાજમાં પ્રસ્થાપિત દરેક કાયદા અને કાર્યનું દીની મહત્ત્વ બતાવીને, અને સમાજમાં એવા સંબંધો તથા જોડાણો સ્થાપિત કરીને જે વિવિધ વર્ગોના અને જૂથોના હિતોના વિરોધ, મતભેદ તથા ટકરાવ પર આધારિત હોવાને બદલે વિવિધ તત્ત્વોને એક જ લોક અથવા ઉમ્મતમાં સંઘરિત કરવાની કોશિશ કરતા હોય. ઈસ્લામ દીની સિદ્ધાંતો અને કાયદાઓ દ્વારા એક એવો સમાજ બનાવવાનો ઈરાદો ધરાવે છે જે એકંદરે સમગ્ર સમાજમાં તેમ જ સમાજની દરેક વ્યક્તિના હ્રદયમાં તોહીદને પ્રતિબિંબિત કરે, અને માનવજીવનમાં અલ્લાહની ઈચ્છાના કાર્યકારી હોવાને પ્રદર્શિત કરે. (ક્રમશ:)

*અમીરુલ મોમિનીન (અ.)એ પોતાના બેટા મોહંમદ ઈબ્ને હનફીયાને કરેલી વસિયતોમાં આવું ફરમાવ્યું છે કે, "અલ્લાહ તઆલાએ (બંદા ઉપર) પોતાના અકીદાનો જીભ વડે એકરાર કરવો, અને દિલ વડે જાહેર કરવો, ફર્ઝ કરી દીધો છે, માટે જ અલ્લાહ અઝ્ઝ વ જલ્લે ફરમાવ્યું છે કે:*

قُوْلُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَآ
اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ اُوْتِيَ النَّبِيُّوْنَ مِنْ رَّبِّهِمْ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ ۖ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ

*((અય મુસલમાનો!) તમે બધા કહો, "અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર, અને જે અમારા ઉપર નાઝિલ થયું તેના ઉપર, અને જે ઈબ્રાહીમ (અ.), ઈસ્માઈલ (અ.), ઈસ્હાક (અ.), યાકૂબ (અ.) અને કબીલાઓ ઉપર નાઝિલ થયું તેના ઉપર, અને એના ઉપર કે જે આપવામાં આવ્યું મૂસા (અ.) અને ઈસા (અ.)ને, અને જે આપવામાં આવ્યું નબીઓને, તેમના રબ તરફથી. અમે તેમનામાંથી કોઈ એકમાં પણ ફેર નથી સમજતા, અને અમે અલ્લાહને સમર્પિત થનારા છીએ.")* [1]

---

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૪૫૪

# IMDAD MOMIN
STRUCTURAL CONSULTANT

" BUILD RIGHT, FEEL HIGH "

STRUCTURAL LICENSED M.TECH ENGINEER

CIVIL LICENSED B.E. ENGINEER

## SERVICES

*(Structural Design)*



Bungalow / Low Rise Building



High Rise Building



Commercial Building



Industrial Building



Steel / PEB Building

## PROJECTS



### GSRTC

- Bus Stations at Siddhpur, Sankheda, Surendranagar, Chuda & Selamba
- Bus Workshops at Rajkot, Dwarka & Rapar



### PMAY

(Pradhanmantri Awas Yojana Buiding)


- Jahangirpura (G+12)
- Pal (G+12)
- Bhimrad (G+14)
- Rundh-Vesu (G+14)



### GPHC

(Gujarat Police Housing Corporation)

- Jail Staff Quartes (G+11)
- Community Hall



### RELIGIOUS PROJECT

- Masjid, Kesimpa
- Masjid, Isakpura
- BAPS Satsang Bhavan, Kanad
- Masjid, Sadikpur



### MISCELLANIOUS PROJECT

- Natalia Travel Center (Texas, U.S.A.)
- Industrial Warehouse, Surat
- Farm House (Zambia, EA.)
- Industrial Building, Ilol



### HOTELS / RESTAURANTS

- The Grand Aura, Gandhinagar
- Raviraj Hotel, Rajkot
- The Royal Pavilion, Ahmedabad.
- The Grand Tulsi, Mehsana
- Sarvoday Hotel, Ahmedabad
- Sarvottam Hotel, Modasa
- Ashirwad Hotel, Bayad



IMDAD MOMIN
STRUCTURAL CONSULTANT
" BUILD RIGHT, FEEL HIGH "

imsconsultant01@gmail.com +91 96242 01455

Office-303, Bagh-E-Mujtaba, Makarba, Ahmedabad.

**Structural Designing (including site visit) is provided in all over Gujarat**





# ઈબાદાત

## માહે રબીઉલ અવ્વલના આમાલ

**માહે રબીઉલ અવ્વલની સત્તરમીના આમાલ:**

(1) ગુસ્લ કરવું.

(2) રોઝો રાખવો.

(3) રસૂલલ્લાહ (સ.)ની ઝિયારત પઢવી. (દૂરથી કે નજીકથી)

(4) આ દિવસે હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની એ ઝિયારત પઢવી કે જે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ પઢી હતી અને મોહંમદ ઈબ્ને મુસ્લિમ સકફી (રહ.)ને પણ શિખવાડી હતી, જે આ મુજબ છે:

اَلسَّلَامُ عَلٰى رَسُوْلِ اللهِ، اَلسَّلَامُ عَلٰى خِيَرَةِ اللهِ، اَلسَّلَامُ عَلَى الْبَشِيْرِ النَّذِيْرِ السِّرَاجِ الْمُنِيْرِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَى الطُّهْرِ الطَّاهِرِ، اَلسَّلَامُ عَلَى الْعَلَمِ الزَّاهِرِ، اَلسَّلَامُ عَلَى الْمَنْصُوْرِ الْمُؤَيَّدِ، اَلسَّلَامُ عَلٰۤى اَبِي الْقَاسِمِ مُحَمَّدٍ وَّرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلٰۤى اَنْبِيَآءِ اللهِ الْمُرْسَلِيْنَ وَعِبَادِ اللهِ الصَّالِحِيْنَ، اَلسَّلَامُ عَلٰى مَلَآئِكَةِ اللهِ الْحَآفِّيْنَ بِهٰذَا الْحَرَمِ وَبِهٰذَا الضَّرِيْحِ اللَّآئِذِيْنَ بِهٖ

પછી કબરની નજીક જઈને આ મુજબ પઢવું:

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَصِيَّ الْاَوْصِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عِمَادَ الْاَتْقِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ الْاَوْلِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدَ الشُّهَدَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اٰيَةَ اللهِ الْعُظْمٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَامِسَ اَهْلِ الْعَبَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَآئِدَ الْغُرِّ الْمُحَجَّلِيْنَ الْاَتْقِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عِصْمَةَ الْاَوْلِيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا زَيْنَ الْمُوَحِّدِيْنَ النُّجَبَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَالِصَ الْاَخِلَّآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَالِدَ الْاَئِمَّةِ الْاُمَنَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ الْحَوْضِ وَحَامِلَ اللِّوَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَسِيْمَ الْجَنَّةِ وَلَظٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ شُرِّفَتْ بِهٖ مَكَّةُ وَمِنٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا بَحْرَ الْعُلُوْمِ وَكَنَفَ الْفُقَرَآءِ، اَلسَّلَامُ

عَلَيْكَ يَا مَنْ وُّلِدَ فِي الْكَعْبَةِ وَزُوِّجَ فِي السَّمَآءِ بِسَيِّدَةِ النِّسَآءِ وَكَانَ شُهُوْدُهَا الْمَلآئِكَةَ الْاَصْفِيَآءَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مِصْبَاحَ الضِّيَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ خَصَّهُ النَّبِيُّ بِجَزِيْلِ الْحِبَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ بَاتَ عَلٰى فِرَاشِ خَاتَمِ الْاَنْبِيَآءِ وَوَقَاهُ بِنَفْسِهٖ شَرَّ الْاَعْدَآءِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ رُّدَّتْ لَهُ الشَّمْسُ فَسَامٰى شَمْعُوْنَ الصَّفَا، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ اَنْجَى اللّٰهُ سَفِيْنَةَ نُوْحٍ بِاسْمِهٖ وَاسْمِ اَخِيْهِ حَيْثُ الْتَطَمَ الْمَآءُ حَوْلَهَا وَطَمٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ تَابَ اللّٰهُ بِهٖ وَبِاَخِيْهِ عَلٰٓى اٰدَمَ اِذْ غَوٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا فُلْكَ النَّجَاةِ الَّذِىْ مَنْ رَّكِبَهٗ نَجٰى وَمَنْ تَاَخَّرَ عَنْهُ هَوٰى، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ خَاطَبَ الثُّعْبَانَ وَذِئْبَ الْفَلَا، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَمِيْرَ الْمُؤْمِنِيْنَ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا حُجَّةَ اللّٰهِ عَلٰى مَنْ كَفَرَ وَاَنَابَ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اِمَامَ ذَوِى الْاَلْبَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَعْدِنَ الْحِكْمَةِ وَفَصْلَ الْخِطَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مِيْزَانَ يَوْمِ الْحِسَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا فَاصِلَ الْحُكْمِ النَّاطِقَ بِالصَّوَابِ، اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا الْمُتَصَدِّقُ بِالْخَاتَمِ فِي الْمِحْرَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ كَفَى اللّٰهُ الْمُؤْمِنِيْنَ الْقِتَالَ بِهٖ يَوْمَ الْاَحْزَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ اَخْلَصَ لِلّٰهِ الْوَحْدَانِيَّةَ وَاَنَابَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَاتِلَ خَيْبَرَ وَقَالِعَ الْبَابِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ دَعَاهُ خَيْرُ الْاَنَامِ لِلْمَبِيْتِ عَلٰى فِرَاشِهٖ فَاَسْلَمَ نَفْسَهٗ لِلْمَنِيَّةِ وَاَجَابَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ لَّهٗ طُوْبٰى وَحُسْنُ مَاٰبٍ وَّرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ عِصْمَةِ الدِّيْنِ وَيَا سَيِّدَ السَّادَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا صَاحِبَ الْمُعْجِزَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ نَزَلَتْ فِيْ فَضْلِهٖ سُوْرَةُ الْعَادِيَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ كُتِبَ اسْمُهٗ فِي السَّمَآءِ عَلَى السُّرَادِقَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُظْهِرَ الْعَجَآئِبِ وَالْاٰيَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اَمِيْرَ الْغَزَوَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُخْبِرًا بِمَا غَبَرَ وَبِمَا هُوَ اٰتٍ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُخَاطِبَ ذِئْبِ الْفَلَوَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا خَاتِمَ الْحَصٰى وَمُبَيِّنَ الْمُشْكِلَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ عَجِبَتْ مِنْ حَمَلَاتِهٖ فِي الْوَغٰى مَلآئِكَةُ السَّمَاوَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مَنْ نَّاجَى الرَّسُوْلَ فَقَدَّمَ بَيْنَ يَدَىْ نَجْوَاهُ الصَّدَقَاتِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَالِدَ الْاَئِمَّةِ الْبَرَرَةِ السَّادَاتِ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا تَالِيَ الْمَبْعُوْثِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِلْمِ خَيْرِ مَوْرُوْثٍ وَّرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدَ الْوَصِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَآ اِمَامَ الْمُتَّقِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا غِيَاثَ الْمَكْرُوْبِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عِصْمَةَ الْمُؤْمِنِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا مُظْهِرَ الْبَرَاهِيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا طٰهٰ وَيٰسٓ، اَلسَّلَامُ عَلَيْكَ يَا حَبْلَ اللّٰهِ الْمَتِيْنِ، اَلسَّلَامُ

عَلَيْكَ يَا مَنْ تَصَدَّقَ فِيْ صَلٰوتِهٖ بِخَاتَمِهٖ عَلَى الْمِسْكِيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا قَالِعَ الصَّخْرَةِ عَنْ فَمِ الْقَلِيْبِ وَمُظْهِرَ الْمَآءِ الْمَعِيْنِ، اَلسَّلَامُ عَلَيْكَ يَا عَيْنَ اللهِ النَّاظِرَةَ وَيَدَهُ الْبَاسِطَةَ وَلِسَانَهُ الْمُعَبِّرَ عَنْهُ فِيْ بَرِيَّتِهٖ اَجْمَعِيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَارِثَ عِلْمِ النَّبِيِّيْنَ وَمُسْتَوْدَعَ عِلْمِ الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَصَاحِبَ لِوَآءِ الْحَمْدِ وَسَاقِيَ اَوْلِيَآئِهٖ مِنْ حَوْضِ خَاتَمِ النَّبِيِّيْنَ، اَلسَّلَامُ عَلَيْكَ يَا يَعْسُوْبَ الدِّيْنِ وَقَآئِدَ الْغُرِّ الْمُحَجَّلِيْنَ وَوَالِدَ الْاَئِمَّةِ الْمَرْضِيِّيْنَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَى اسْمِ اللهِ الرَّضِيِّ وَوَجْهِهِ الْمُضِيْٓءِ وَجَنْبِهِ الْقَوِيِّ وَصِرَاطِهِ السَّوِيِّ، اَلسَّلَامُ عَلَى الْاِمَامِ التَّقِيِّ الْمُخْلِصِ الصَّفِيِّ، اَلسَّلَامُ عَلَى الْكَوْكَبِ الدُّرِّيِّ، اَلسَّلَامُ عَلَى الْاِمَامِ اَبِي الْحَسَنِ عَلِيٍّ وَّرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلٰى اَئِمَّةِ الْهُدٰى وَمَصَابِيْحِ الدُّجٰى وَاَعْلَامِ التُّقٰى وَمَنَارِ الْهُدٰى وَذَوِى النُّهٰى وَكَهْفِ الْوَرٰى وَالْعُرْوَةِ الْوُثْقٰى وَالْحُجَّةِ عَلٰٓى اَهْلِ الدُّنْيَا وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلٰى نُوْرِ الْاَنْوَارِ وَحُجَّةِ الْجَبَّارِ وَوَالِدِ الْاَئِمَّةِ الْاَطْهَارِ وَقَسِيْمِ الْجَنَّةِ وَالنَّارِ الْمُخْبِرِ عَنِ الْاٰثَارِ الْمُدَمِّرِ عَلَى الْكُفَّارِ مُسْتَنْقِذِ الشِّيْعَةِ الْمُخْلِصِيْنَ مِنْ عَظِيْمِ الْاَوْزَارِ، اَلسَّلَامُ عَلَى الْمَخْصُوْصِ بِالطَّاهِرَةِ التَّقِيَّةِ ابْنَةِ الْمُخْتَارِ الْمَوْلُوْدِ فِي الْبَيْتِ ذِى الْاَسْتَارِ الْمُزَوَّجِ فِي السَّمَآءِ بِالْبَرَّةِ الطَّاهِرَةِ الرَّضِيَّةِ الْمَرْضِيَّةِ وَالِدَةِ الْاَئِمَّةِ الْاَطْهَارِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَى النَّبَاِ الْعَظِيْمِ الَّذِىْ هُمْ فِيْهِ مُخْتَلِفُوْنَ وَعَلَيْهِ يُعْرَضُوْنَ وَعَنْهُ يُسْئَلُوْنَ، اَلسَّلَامُ عَلٰى نُوْرِ اللهِ الْاَنْوَرِ وَضِيَآئِهِ الْاَزْهَرِ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْكَ يَا وَلِيَّ اللهِ وَحُجَّتَهٗ وَخَالِصَةَ اللهِ وَخَآصَّتَهٗ، اَشْهَدُ اَنَّكَ يَا وَلِيَّ اللهِ لَقَدْ جَاهَدْتَّ فِيْ سَبِيْلِ اللهِ حَقَّ جِهَادِهٖ وَاتَّبَعْتَ مِنْهَاجَ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَاٰلِهٖ وَحَلَّلْتَ حَلَالَ اللهِ وَحَرَّمْتَ حَرَامَ اللهِ وَشَرَعْتَ اَحْكَامَهٗ وَاَقَمْتَ الصَّلٰوةَ وَاٰتَيْتَ الزَّكٰوةَ وَاَمَرْتَ بِالْمَعْرُوْفِ وَنَهَيْتَ عَنِ الْمُنْكَرِ وَجَاهَدْتَّ فِيْ سَبِيْلِ اللهِ صَابِرًا نَّاصِحًا مُّجْتَهِدًا مُّحْتَسِبًا عِنْدَ اللهِ عَظِيْمَ الْاَجْرِ حَتّٰٓى اَتٰىكَ الْيَقِيْنُ، فَلَعَنَ اللهُ مَنْ دَفَعَكَ عَنْ حَقِّكَ وَاَزَالَكَ عَنْ مَّقَامِكَ وَلَعَنَ اللهُ مَنْ بَلَغَهٗ ذٰلِكَ فَرَضِيَ بِهٖ، اُشْهِدُ اللهَ وَمَلَآئِكَتَهٗ وَاَنْبِيَآئَهٗ وَرُسُلَهٗٓ اَنِّيْ وَلِيٌّ لِّمَنْ وَّالَاكَ وَعَدُوٌّ لِّمَنْ عَادَاكَ، اَلسَّلَامُ عَلَيْكَ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهٗ

હવે પોતાના શરીરને કબર મુબારકથી વળગીને બોસા આપે અને આ મુજબ કહે:

اَشْهَدُ اَنَّكَ تَسْمَعُ كَلَامِيْ وَتَشْهَدُ مَقَامِيْ وَاَشْهَدُ لَكَ يَا وَلِيَّ اللهِ بِالْبَلَاغِ وَالْاَدَآءِ يَا مَوْلَاىَ يَا حُجَّةَ اللهِ يَآ اَمِيْنَ اللهِ يَا وَلِيَّ اللهِ، اِنَّ بَيْنِيْ وَبَيْنَ اللهِ عَزَّوَجَلَّ ذُنُوْبًا قَدْ اَثْقَلَتْ ظَهْرِيْ وَمَنَعَتْنِيْ مِنَ الرُّقَادِ وَذِكْرُهَا

يُقَلْقِلُ اَحْشَايِيْ، وَقَدْ هَرَبْتُ اِلَى اللّٰهِ عَزَّوَجَلَّ وَاِلَيْكَ، فَبِحَقِّ مَنِ ائْتَمَنَكَ عَلٰى سِرِّهٖ وَاسْتَرْعَاكَ اَمْرَ خَلْقِهٖ وَقَرَنَ طَاعَتَكَ بِطَاعَتِهٖ وَمُوَالَاتَكَ بِمُوَالَاتِهٖ كُنْ لِّيْٓ اِلَى اللّٰهِ شَفِيْعًا وَّمِنَ النَّارِ مُجِيْرًا وَّعَلَى الدَّهْرِ ظَهِيْرًا

હવે ફરીથી પોતાના શરીરને કબર મુબારકથી વળગીને બોસા આપે અને આ મુજબ કહે:

يَا وَلِيَّ اللّٰهِ يَا حُجَّةَ اللّٰهِ يَا بَابَ حِطَّةِ اللّٰهِ وَلِيُّكَ وَزَآئِرُكَ وَاللَّآئِذُ بِقَبْرِكَ وَالنَّازِلُ بِفِنَآئِكَ وَالْمُنِيْخُ رَحْلَهٗ فِيْ جِوَارِكَ يَسْاَلُكَ اَنْ تَشْفَعَ لَهٗٓ اِلَى اللّٰهِ فِيْ قَضَآءِ حَاجَتِهٖ وَنُجْحِ طَلِبَتِهٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ فَاِنَّ لَكَ عِنْدَ اللّٰهِ الْجَاهَ الْعَظِيْمَ وَالشَّفَاعَةَ الْمَقْبُوْلَةَ فَاجْعَلْنِيْ يَا مَوْلَایَ مِنْ هَمِّكَ وَاَدْخِلْنِيْ فِيْ حِزْبِكَ وَالسَّلَامُ عَلَيْكَ وَعَلٰى ضَجِيْعَيْكَ اٰدَمَ وَنُوْحٍ وَّالسَّلَامُ عَلَيْكَ وَعَلٰى وَلَدَيْكَ الْحَسَنِ وَالْحُسَيْنِ وَعَلَى الْاَئِمَّةِ الطَّاهِرِيْنَ مِنْ ذُرِّيَّتِكَ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

(5) આ દિવસે સૂરજ જ્યારે ઊંચે ચઢે ત્યારે બે રકાત નમાઝ પઢે, જેની બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા કદ્ર અને દસ વખત સૂરા તૌહીદ પઢે.

(6) આ દિવસે સદકો આપે, મોમિનો સાથે ખુશીથી મુલાકાત કરે, માઅસૂમીન (અ.)ના રોઝા મુબારકની ઝિયારત કરે.




## કૂફાથી આવનારી હસ્તીઓ:

# તિરિમ્માહ ઇબ્ને અદી (રઝી.), અમ્ર ઇબ્ને સૈદાવી (અ.), આપ (અ.)ના ગુલામ હઝરત સઅદ (અ.), મુજમ્મિઅ ઇબ્ને અબ્દિલ્લાહ (અ.) અને આપ (અ.)ના ફરઝંદ આઇઝ ઇબ્ને મુજમ્મિઅ (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

(ગતાંકનું ચાલુ)

**અમ્ર ઈબ્ને ખાલિદ સૈદાવી (અ.) અને આપ (અ.) ના ગુલામ હઝરત સઅદ (અ.):**

કરબલાના શહીદ. ઈમામ હુસૈન (અ.)ના સહાબી.

**હસબ–નસબ:**

આપ (અ.)નું પૂરું નામ અબૂ ખાલિદ અમ્ર ઈબ્ને ખાલિદ અસદી સૈદાવી હતું. કૂફાના શરીફ માણસ હતા અને અહલેબૈત (અ.)ની વિલાયતમાં મુખ્લિસ હતા.[1]

**શહાદત:**

રિવાયતમાં છે કે, "અમ્ર ઈબ્ને ખાલિદ સૈદાવીએ બહાર આવીને ઈમામ (અ.)ને ફરમાવ્યું કે, "અય અબૂ અબ્દિલ્લાહ! હું આપ પર કુરબાન થાઉં, મેં એવો ઈરાદો કર્યો છે કે મારા શહીદ સાથીઓની સાથે મળી જાઉં, અને હું એ બાબતને નાપસંદ કરું છું કે પાછળ જીવતો રહું અને આપને એકલા અને મદદ વગરના અને પોતાના પરિવારની સામે જ કતલ થતા જોઉં." ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, "આગળ વધો, હું પણ થોડાક જ સમયમાં આપને મળીશ." પછી આપ (અ.) આગળ આવ્યા અને જંગ કર્યો અને શહીદ થઈ ગયા."[2]

રિવાયતમાં છે કે, "હઝરત અમ્ર ઈબ્ને ખાલિદ સૈદાવી (અ.), હઝરત જાબિર ઈબ્ને હારિસ સલ્માની (અ.), હઝરત અમ્ર ઈબ્ને ખાલિદ સૈદાવી (અ.)ના ગુલામ હઝરત સઅદ (અ.) અને હઝરત મુજમ્મિઅ ઈબ્ને અબ્દિલ્લાહ આઈઝી (અ.) એવા લોકોમાં શામિલ છે કે જેમણે પહેલાં જંગ કર્યો, આપ (અ.) પોતાની તલવારો વડે આગળના ભાગમાં દુશ્મનો સામે મજબૂતાઈથી અટલ રહ્યા. જ્યારે તેઓ આગળ વધતા તો દુશ્મનો તેમના પર તૂટી પડતા, તો આપ (અ.) તે દુશ્મનોને પાછળ ધકેલી મૂકતા, અને આપ (અ.) પોતાના સહાબીઓથી દૂર થઈને જંગ કરી શકતા ન હતા. આ જોઈને હઝરત અબ્બાસ ઈબ્ને અલી (અ.) એ દુશ્મનો પર હુમલો કર્યો અને તેમને દૂર ધકેલી મૂક્યા. આપ (અ.)ને ખૂબ જ ઝખ્મો લાગેલા હતા, પછી જ્યારે દુશ્મનો નજીક આવ્યા તો આપ

1 ઈબ્સારુલ ઐન, સફહા–૧૧૪

2 અલ–મલ્હૂફ, સફહા–૧૬૩, મુસીરુલ અહ્ઝાન, સફહા–૬૪

(અ.)એ પોતાની તલવારોને મજબૂતીથી પકડી લીધી અને હુમલો કર્યો, અને બધા એક જ જગ્યાએ શહીદ થઈ ગયા."[1]

ઝિયારતે શોહદા અને ઝિયારતે રજબીયામાં હઝરત અમ્ર ઈબ્ને ખાલિદ સૈદાવી (અ.) અને આપ (અ.)ના ગુલામ હઝરત સઅદ (અ.) પર સલામ મોકલવામાં આવી છે.

**મુજમ્મિઅ ઈબ્ને અબ્દિલ્લાહ (અ.) અને તેમના ફરઝંદ આઈઝ (અ.):**

હઝરત મુજમ્મિઅ (અ.) કરબલાના શહીદ. મૌલા અલી (અ.), ઈમામ હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.)ના સહાબી.

**હસબ–નસબ:**

આપ (અ.)નું નામ મુજમ્મિઅ ઈબ્ને અબ્દિલ્લાહ ઈબ્ને મુજમ્મિઅ ઈબ્ને માલિક ઈબ્ને ઈયાસ ઈબ્ને અબ્દે મનાત ઈબ્ને સઅદ હતું.[2]

આપ (અ.)ના વાલિદ અબ્દુલ્લાહ રસૂલલ્લાહ (સ.)ના સહાબી હતા.[3] ખુદ હઝરત મુજમ્મિઅ (અ.) અમીરુલ મોમિનીન (અ.)ના સહાબી હતા અને જંગે સિફ્ફીનમાં પણ આપ (અ.)ની સાથે હતા.[4] આપ (અ.) તાબેઈનમાંથી હતા.[5]

**શહાદત:**

આપ (અ.) અને આપ (અ.)ના ફરઝંદ રોઝે આશૂરા એ જ લોકોની સાથે રહ્યા હતા કે જેમની સાથે ઈમામ (અ.)ની મુલાકાત થઈ હતી. આપ (અ.) પોતાના સહાબીઓની સાથે શહીદ થયા.

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૪૬; અલ–કામિલ ફિત્તારીખ, જિલ્દ–૨, સફહા–૫૬૯

2 અલ–ઈસાબા, જિલ્દ–૫, સફહા–૭૬

3 અલ–ઈસાબા, જિલ્દ–૫, સફહા–૭૬

4 તન્કીહુલ મકાલ, જિલ્દ–૩, સફહા–૫૩

5 ઈબ્સારુલ ઐન, સફહા–૧૪૫

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તમે એ વાતથી ચેતતા રહો કે ગ઼ાલી લોકો તમારા નવયુવાનોને ગુમરાહ ન કરી દે, કારણ કે ગ઼ાલી લોકો અલ્લાહની સૌથી ખરાબ મખ્લૂક છે... અમારી તરફ જ ગ઼ાલી પાછા ફરે છે, પરંતુ અમે તેમને કબૂલ નથી કરતા; અને અમારી સાથે જ મુક઼સ્સિર પણ જોડાઈ જાય છે, તો અમે તેને કબૂલ કરી લઈએ છીએ." તો આપ (અ.)ને પૂછવામાં આવ્યું કે, "અય રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદ! આવું કેવી રીતે?" તો ઈમામ (અ.)એ ફરમાવ્યું કે, "ગ઼ાલી એ છે કે જે નમાઝ, ઝકાત, રોઝા તથા હજને છોડવાની ટેવ બનાવી લે છે, અને પોતાની ટેવ છોડવાની તથા અલ્લાહ અઝ્ઝ વ જલ્લની ઈતાઅત તરફ પાછા ફરવાની જરાય શકિત નથી ધરાવતો; જ્યારે કે મુક઼સ્સિર એ છે કે જ્યારે પણ તે સમજી જાય છે, ત્યારે અમલ કરે છે, અને ઈતાઅત કરે છે."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૨, સફહા–૧૯

# આપણા ઘરની વાતો

● **ઈન્નાલિલ્લાહે...**



ઈલોલ (તલાવ)નિવાસી **મર્હૂમા મો.રૂકૈયાબેન અબ્બાસભાઈ સુથાર (સાલડીવાળા)** મુ.તા. ૦૧, ઝિલ્કાદ-૧૪૪૬ તા.૩૦/૦૪/૨૦૨૫ને બુધવારના રોજ ૫૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. →



← પહાડીયોલકંપાનિવાસી **મર્હૂમ અકબરભાઈ હબીબભાઈ મોમિન** મુ.તા. ૦૨, ઝિલ્હજ-૧૪૪૬ તા.૩૦/૦૫/૨૦૨૫ને શુક્રવારના રોજ ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



મેતાનિવાસી **મર્હૂમ મો.હબીબભાઈ શરીફ શેલીયા** મુ.તા. ૦૭, ઝિલ્હજ-૧૪૪૬ તા.૦૪/૦૬/૨૦૨૫ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. →



← શેખપુર (ખે.)નિવાસી **મર્હૂમા મો.રાબિયાબાનું શબ્બીરભાઈ સુથાર** મુ.તા. ૧૦, ઝિલ્હજ-૧૪૪૬ તા.૦૭/૦૬/૨૦૨૫ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



મેતાનિવાસી **મર્હૂમા મો.શેરબાનું અકબરઅલી અસામદી** મુ.તા. ૦૧, મોહર્રમ-૧૪૪૭ તા.૨૭/૦૬/૨૦૨૫ને શુક્રવારના રોજ ૬૧ વર્ષની અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. →



← સદીકપુરનિવાસી **મર્હૂમ મો.રસૂલભાઈ સાવદીભાઈ શેખપુરીયા** મુ.તા. ૦૨, મોહર્રમ-૧૪૪૭ તા.૦૧/૦૭/૨૦૨૫ને મંગળવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમે શરૂઆતથી જ મદીનતુલ ઈલ્મ, શેખપુર તેમ જ હોસ્પિટલમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી હતી. તેઓ છેલ્લા સમય સુધી પણ મદીનતુલ ઈલ્મ, શેખપુર ખાતે કાર્યરત રહ્યા હતા.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦/- મો.આબિદઅલી શરીફભાઈ મહેસાણીયા (બાદરપુર) તરફથી મર્હૂમ મો.શરીફભાઈ દાવૂદભાઈ મહેસાણીયાની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.અબ્બાસભાઈ જમાલભાઈ સુથાર (સાલડીવાળા) (ઈલોલ તલાવ) તરફથી મર્હૂમા મો.રૂકૈયાબેન અબ્બાસભાઈ સુથારની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમ અકબરઅલી હબીબભાઈ મોમિન (પહાડીયોલ કંપા)ની રૂહના સવાબ અર્થે.

**મો.નૂરબેન યૂસુફભાઈ અલાદ (મજાદર (મહેરપુરા)) તરફથી નીચેના મર્હૂમોની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મર્હૂમ મો.યૂસુફભાઈ ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૧૦૦/- મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ અલાઉદ્દીનભાઈ અલાદ
રૂા.૧૦૦/- મર્હૂમા મો.મરયમબેન ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૧૦૦/- મર્હૂમ મો.દાવૂદભાઈ ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૧૦૦/- મર્હૂમ મો.હબીબભાઈ ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૧૦૦/- મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ અલાદ
રૂા.૧૦૦/- મર્હૂમા મો.ફાતેમાબેન અબ્દુલરહીમ માઢીયા
રૂા.૧૦૦/- મર્હૂમા મો.અમીનાબેન અકબરભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.ઈબ્રાહીમભાઈ વઝીરભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમા મો.કુવરબેન ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.સુલેમાનભાઈ ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.વલીભાઈ ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.અકબરભાઈ ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.અબ્દુલભાઈ ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.અબ્બાસભાઈ ઈબ્રાહીમભાઈ અઘારીયા
રૂા.૧૦૦/- મર્હૂમ મો.મરયમબેન રહીમભાઈ વલુડા

**મર્હૂમા મો.રાબિયાબાનું શબ્બીરભાઈ સુથાર (શેખપુર (ખે.))ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.શબ્બીરભાઈ નૂરાભાઈ સુથાર
રૂા.૨૦૦/- મો.રઝાહુસૈન શબ્બીરભાઈ સુથાર
રૂા.૨૦૦/- મો.ખાદિમહુસૈન શબ્બીરભાઈ સુથાર
રૂા.૨૦૦/- મો.કનીઝફાતેમા ખાદિમહુસૈન સુથાર
રૂા.૨૦૦/- મો.મેઅરાજફાતેમા રઝાહુસૈન સુથાર
રૂા.૫૦/- મો.મોહંમદઈસ્હાક ખાદિમહુસૈન સુથાર
રૂા.૫૦/- મો.રબાબઝહરા ખાદિમહુસૈન સુથાર
રૂા.૧૦૦/- મો.રિઝવાનાઝહરા રઝાહુસૈન સુથાર
રૂા.૧૦૦/- હસનઅલી ગુલામહુસૈન મોમિન (નડીયાદ)
રૂા.૧૦૦/- ઝુબેદાબેન ગુલામભાઈ મોમિન (નડીયાદ)
રૂા.૧૦૦/- નજમાબેન હસનઅલી મોમિન (નડીયાદ)
રૂા.૧૦૦/- તાહેરાબેન ગુલામહુસૈન મોમિન (પાડગોલ)

રૂા.૧૦૦૦/- મો.મુસ્તફાભાઈ યૂસુફભાઈ અઘારીયા (શેરપુરા) તરફથી તેમણે આલિમ ક્લાસ (૨૦૨૪-૨૫) પૂર્ણ કર્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મોહસિનઅલી કમ્બરઅલી મોમિન (પેટલાદ) તરફથી તેમના નવીન મકાનના ઈફ્તેતાહિય્યાની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.ઝહરાબેન તાહેરઅલી વિજાપુરા (ઈલોલ તલાવ) તરફથી તેમના દિકરા ઝાહિદઅલીએ M.B.B.Sની પરીક્ષા પાસ કરી તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- બંદએ ખુદા

રૂા.૨૦૦/- મો.અમીનાબેન નૂરઅલી માણસીયા (સદીકપુર) તરફથી મર્હૂમ રસૂલભાઈ અને મર્હૂમા મરયમબેનની રૂહના સવાબ અર્થે.